સત્ય, નિડર અને નિષ્પક્ષ અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# કર્ણાવતી મેટ્રો

KARNAVATI METRO DAILY

RNI No. : GUJGUJ/2011/40646 ★ વર્ષ-૯ ★ અંક-૮૫ ★ તા. ૨૨-૦૧-૨૦૨૦ ★ બુધવાર ★ પાના-૪ ★ કિંમત રૂા. ૧-૦૦ ★ વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : મનોજ પ્રજાપતિ, - કાર્યાલય : ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ, રતનપોળ, ગોલવાડ, અમદાવાદ. મો. : ૮૭૫૮૨૦૬૩૭૧ Email:karnavtimetro1@yahoo.in ★ ન્યાય ક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વિપક્ષ પર આકરા પ્રહાર

# નાગરિક સુધારા કાનૂન પરત નહીં ખેંચાય : અમિત શાહ

## સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, તૃણમુલ કોંગ્રેસ પર નાગરિક સુધારા કાનૂનને લઈને થઈ રહેલી હિંસા માટે અમિત શાહે જવાબદાર ઠેરવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૨૧

નાગરિક સુધારા કાનૂન (સીએએ)ના સમર્થનમાં મંગળવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં એક જનસભાને સંબોધન કર્યું હતું. અમિત શાહે પોતાના ભાષણની શરૂઆત ભારત માતા કી જયના નારા સાથે કરી હતી. અમિત શાહે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, તૃણમુલ કોંગ્રેસને નાગરિકતા કાનૂનને લઈને થઈ રહેલી હિંસા માટે જવાબદાર ઠેરવ્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, નાગરિકતા કાનૂન વિરુદ્ધ પ્રચાર કરવામાં આવી રહ્યો છે કે આના લીધે દેશના મુસ્લિમોની નાગરિકતા છીનવાઈ જશે. મમતા દીદી, રાહુલ બાબા, અખિલેશ યાદવ ચર્ચા કરવા માટે સાર્વજનિક મંચ શોધી કાઢે, અમારા સ્વતંત્ર દેવ ચર્ચા કરવા માટે તૈયાર છે. સીએએની કોઈપણ ધારા, મુસ્લિમો છોડ દો, અલ્પસંખ્યક છોડ દો કોઈપણ વ્યક્તિની નાગરિકતા લઈ શકે છે તો તે મને બતાવી દો. અમિત શાહે કહ્યું હતું કે, નહેરુજીએ કહ્યું હતું કે, કેન્દ્રીય રાહત ભંડોળનો ઉપયોગ શરણાર્થીઓને રાહદ આપવા માટે કરવો જોઈએ. તેમને નાગરિકતા આપવા માટે જે પણ કરવું જોઈએ તે કરવું પડે પરંતુ કોંગ્રેસે કશું જ કર્યું નથી. તેમણે કહ્યું હતું કે, બે વર્ષ પહેલા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ)માં દેશ વિરોધી નારાઓ લાગી રહ્યા છે. હું જનતાથી પૂછવા આવ્યું છું કે, જે ભારત માતાના એક હજાર ટુકડા કરવાની વાત કરે છે, તેમને જેલમાં ધકેલી દેવા જોઈએ નહીં. અમિત શાહે કહ્યું હતું કે, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન જ્યાં ભારતના વિભાજન બાદ કરોડો હિન્દુ ત્યાં રહી ગયા હતા, શિખ લોકો રહી ગયા હતા, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ અને પારસી લોકો ત્યાં રહી ગયા હતા. હું તેમના દર્દને સમજી શક્યો શું. મહાત્મા ગાંધીની જયંતિના દિવસે એક હજાર માતા-બહેનો સાથે બળાત્કાર ગુજારવામાં આવે છે, તેમની સાથે જબરદસ્તી લગ્ન કરવામાં આવે છે. હજારોની સંખ્યામાં મંદિર-ગુરુદ્વારે તોડવામાં આવી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં સૌથી ઉંચી મૂર્તિને તોપ દ્વારા ઉડાવી દેવામાં આવી છે. અમિત શાહે કહ્યું હતું કે, હું આજે મક્કમતાપૂર્વક કહેવા આવ્યું છે કે જેને વિરોધ કરવો હોય તે કરે સીએએને પરત લેવામાં આવશે નહીં. તેમણે કહ્યું હતું કે, હું વોટબેંકના લાલચી નેતાઓને કહેવા માંગુ છું કે, તમે તેમના કેમ્પમાં જોઓ, કાલ સુધ જે ૧૦૦-૧૦૦ હેક્ટર જમીનના માલિક હતા તે આજે એક નાનકડી ઝુંપડીમાં પરિવાર સાથે ભીખ માંગીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. કેન્દ્રીયમંત્રી અમિતશાહે કહ્યું હતું કે, કોંગ્રેસના કારણે ધર્મના આધાર પર ભારતના ટુકડા થયા છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશમાં લઘુમતિઓની સંખ્યા ઘટી રહી છે.

તેઓ કયા ગયા, કેટલાક લોકોને મારી નાંખવામાં આવ્યા, કેટલાક લોકોને જબરદસ્તી ધર્મ પરિવર્તન કરાવી દેવાયા છે ત્યારથી શરણાર્થીઓનો આવવાનો સિલસિલો ચાલી રહ્યો છે. નરેન્દ્ર મોદીએ વર્ષોથી પીડિત લોકોને તેમના જીવનનો નવો અધ્યાય શરૂ કરવાનો અવસર આપ્યો છે. નાગરિકતા સંશોધન કાયદો (ઝછછ)નો દેશના અલગ અલગ વિસ્તારોમાં વિરોધ થઈ રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મંગળવારે ઉત્તર પ્રદેશના પાટનગર લખનઉમાં નાગરિકતા સંશોધન એક્ટના સમર્થનમાં સભા સંબોધી હતી. અમિત શાહે કહ્યું કે, ઝછછ વિરુદ્ધ વિપક્ષ ભ્રમ ફેલાવી રહ્યા છે અને દેશને તોડવાનું કામ કરી રહ્યા છે.

આ જ મુદ્દે અમારી પાર્ટીએ જન જાગરણ અભિયાન કરવાનો નિર્ણય કર્યો છે. અમતિ શાહે વિપક્ષ સામે સવાલ ઉભા કરતાં કહ્યું કે, જ્યારે કાશ્મીરમાંથી લાખો પંડિતોને ભગાડી દીધા હતા ત્યારે માનવધિકાર ક્યાં ગયો હતો. તેમણે કહ્યું કે, જેને વિરોધ કરવો હોય તે કરે પરંતુ સીએએ પરત લેવામાં નહીં આવે. ગૃહમંત્રીએ કહ્યું કે, સંસદ સત્રમાં જ્યારે અમારી સરકાર બિલ લાવી ત્યારે રાહુલ બાબા એન્ડ કંપની વિરોધમાં કાઉ-કાઉ કરતી હતી. આ મુદ્દે ભ્રમ ફેલાવામાં આવી રહ્યો છે કે આ કાયદાથી મુસ્લિમોની નાગરિકતા જતી રહેશે. વિપક્ષનો કોઈ પણ નેતા ચર્ચા કરવા તૈયાર થઈ જાય તો અમારા તરફથી સ્વતંત્રદેવ સિંહ ચર્ચા કરવા માટે તૈયાર છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધતા ગૃહ મંત્રીએ કહ્યું કે, રાહુલ બાબા કાન ખોલીને સાંભળી લે કે તેમની પાર્ટીના કારણે જ ભારત માતાના બે ટૂકડા ધર્મના આધારે થયા છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં છેલ્લાં અમુક વર્ષોમાં અલ્પસંખ્યકોની સંખ્યા ઘટી છે. તો એ લોકો ક્યાં ગયા? અખિલેશ યાદવ વિશે શાહે કહ્યું કે, અખિલેશ બાબુ વધારે ન બોલો તો જ સારુ છે. કોઈના ગોખાયેલા વાક્યો બોલી દો છો. સ્ટેજ પર આવીને ઝછછ વિશે કંઈક કહી શકો તો કહો. અખિલેશે ક્યારેક વાંચવાનું પણ રાખવું જોઈએ. વાંચનથી ફાયદો થાય છે. ગૃહ મંત્રીએ કહ્યું કે, દલિત બંગાળીઓને આજે નાગરિકતા મળી રહી છે તો મમતા બેનરજીને તકલીફ થઈ રહી છે. વિપક્ષને આદત પડી ગઈ છે દેશહિતની દરેક વાતનો વિરોધ કરવાની.

---

શાહના નિવેદન બાદ પ્રતિક્રિયા

# અખિલેશના અમિત શાહ ઉપર વળતા તીવ્ર પ્રહારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા. ૨૧

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અધ્યક્ષ અખિલેશ યાદવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, પ્રદેશમાં એક બાબા ઓછા હતા તો બીજા બાબા પોતાનું પ્રવચન આપવા પહોંચી ગયા છે. અમિત શાહ નાગરિક સુધારા કાનૂનના સમર્થનમાં આયોજિત જનસભામાં ભાગ લેવા મંગળવારના દિવસે લખનૌ પહોંચ્યા હતા. અમિત શાહના ભાષણ બાદ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ટ્વિટ કરીને કહ્યું હતું કે, પ્રદેશમાં એક બાબા ઓછા હતા તો બીજા બાબા પોતાનું પ્રવચન આપવા આવી પહોંચ્યા.આ ઢોંગી બાબોએ જે પ્રકારે જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે

તે કારણથી સીએએ પર સમર્થન માટે જનતા તેમની જોલીમાં કશુ જ નહીં નાખે. જનતા જુઠ્ઠા બાબાથી એવું જ કહેશે કે બાબા આ વખતે જાઓ તો ફરી પાછા ક્યારે ન આવતા.

---

રજનીકાંતના નિવેદનથી રાજનીતિમાં ગરમી વધી

# પેરિયાર અંગે નિવેદનથી રાજનીતિ વધુ ગરમ બની

## પેરિયાર અંગે જે કહ્યું તે બિલકુલ સત્ય છે, અહેવાલ પર આધારિત છે જેથી માફી માંગવાનો રજનીકાંતનો ઈન્કાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા.૨૧

તમિળ સુપરસ્ટાર રજનીકાંતને પેરિયાર પર કરેલા એક દાવથી તમિળનાડુની રાજનીતિમાં ઘમસાસ મચી ગયો છે. તેમની વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ થઈ ચુકી છે. જો કે, રજનીકાંત પોતાના દાવા પર મક્ક છે અને તેમણે માફી માંગવાનો ઈન્કાર કરી દીધો છે.

રજનીકાંતે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેમણે જે પેરિયાર અંગે કહ્યું છે તે બિલકુલ સાચું છે અને રિપોર્ટ પર આધારિત છે જેથી તેઓ માફી માંગશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહમાં તમિળ મેગજીન તુગલકને આપેલા ઈન્ટવ્યુમાં રજનીકાંતે દાવો કર્યો હતો કે, પેરિયારે ૧૯૭૧માં સલેમમાં એક રેલી કરી હતી જેમાં ભગવાન રામ અને સીતાની વસ્ત્રહીન તસ્વીરો લગાવવામાં આવી હતી. રજનીકાંતના નિવેદનથી આપત્તિ દર્શાવતા દ્રવિદાર વિદ્યુતલાઈ કઝગમના સભ્યોએ તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી. કઝગમની ફરિયાદમાં રજનીકાંત વિરુદ્ધ આઈપીસીની કલમ ૧૫૩(એ) હેઠળ ફરિયાદ દાખલ કરવાની માંગ કરી હતી. રજનીકાંતે તમિળનાડુની મુખ્ય વિપક્ષી પાર્ટી ડીએમકે પર પ્રહાર કર્યા હતા.

રજનીને દ્રવિડ આંદોલનના જનક કહેનાર એમ કરુણાનિધિ અને પેરિયાર પર ટિપ્પણી કરી હતી. સુપરસ્ટાર રજનીકાંતે કહ્યું હતું કે, પેરિયાર હિન્દુ દેવતાઓના કટ્ટર વિવેચક હતા પરંતુ તે સમય કોઈએ પણ પેરિયારની આલોચના કરી ન હતી. રાજનીકાંતે મિડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે, પેરિયારની રેલીના વિષય જે મેં કહ્યું તે બિલકુલ સાચુ છે. રજનીકાંતે કહ્યું હતું કે, તે રિપોર્ટના આધાર પર છે અને તે સમયના અનેક સમાચારપત્રોએ મહત્વ આપીને પ્રકાશિત કર્યું હતું. આ સંદર્ભે તમિળ સુપરસ્ટાર રજનીકાંતે માફી માંગવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.

---

વિચારાધારા સ્પષ્ટ કરવા નીતિશકુમારને અપીલ

# દિલ્હી ચૂંટણી : ગઠબંધન પર જેડીયુમાં જોરદાર મતભેદો

## આરએસએસ મુક્ત ભારતના નારાની બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને યાદ અપાવી : વર્મા-પ્રશાંત બંને હાંશિયામાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૨૧

દિલ્હી ચૂંટણીમાં ભાજપ અને જેડીયુ ગઠબંધન પર હવે નીતિશકુમારની પોતાની પાર્ટીમાં મતભેદ જોવા મળી રહ્યા છે. પાર્ટી પ્રવક્તા અને પૂર્વ નૌકરશાહ પવનકુમાર વર્માએ આજે ટ્વિટર પર મોરચો ખોલી દીધો હતો. નીતિશકુમારે આ નિર્ણયનો વિરોધ કરતા એક પત્ર લખ્યો છે અને તેને સોશિયલ મિડિયા પર શેયર પણ કર્યો છે. જેડીયુ નેતાને બિહારના મુખ્યમંત્રીને અંગત વાતચીતમાં ભાજપની વિભાજનકારી નીતિ પર ટિપ્પણીને ટાંકીને પોતાની વિચારધારા સ્પષ્ટ કરવાનો નિર્દેશ આપ્યો છે. અંગ્રેજીમાં લખેલા બે પાનાના પત્રમાં પવન વર્માએ નીતિશકુમારને ૨૦૧૨માં થયેલી મુલાકાતની યાદ અપાવી હતી. પત્રમાં તેમણે લખ્યું હતું કે, ૨૦૧૨માં જ્યારે પટણામાં મુલાકાત થઈ તે સમયે ઔપચારિક સ્તર પર હું પાર્ટીમાં સામેલ થયો ન હતો. તમે મને ભાજપ અને આરએસએસની વિભાજનકારી નીતિ અને કેવી રીતે નરેન્દ્ર મોદી દેશના ભાવિ માટે યોગ્ય નથી તે અંગે લાંબી ચર્ચા કરી હતી. આની સાથે જ દિલ્હીમાં ભાજપ સાથે ગઠબંધન પર વર્માએ નીતિશકુમારને કહ્યું હતું કે, તેઓ ગઠબંધનને લઈને પોતાની વિચારધારા સંપૂર્ણરીતે સ્પષ્ટ કરે. પવન વર્માએ શાલીન ભાષામાં ખુબ જ આક્રમક અંદાજમાં પત્ર લખ્યો હતો. તેમણે નીતિશકુમારને સંબોધિત કરતા કહ્યું હતું કે, મહાગઠબંધનનું નેતૃત્વ કરતા આરએસએસ મુક્ત ભારતનો નારો આપ્યો હતો. ૨૦૧૭માં ફરીવાર ભાજપની સાથે રહેવા છતાં તમે વ્યક્તિગતરીતે માની રહ્યા છે કે, ભાજપના વિચારોમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. તમારા અંગત વિચાર જે મારી પાસે પહોંચ્યા તેમાં એજ સંદેશ હતો કે, ભાજપે સંસ્થાઓને નુકસાન પહોંચાડવાનું કામ કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જેડીયુમાં પ્રશાંત કિશોરને સામેલ કરવા અને તેમની તાકાત વધારવા પાછળ પવનવર્માને જ માનવામાં આવી રહ્યા છે. રાજનીતિક વર્તુળોમાં એવી ચર્ચા સામાન્ય છે કે, જેડીયુના કેટલાક નેતા પ્રશાંત કિશોરનો પાર્ટીમાં સામેલ કરવાથી નાખુશ દેખાઈ રહ્યા છે પરંતુ તે સમયે વર્માએ તેમનો સાથ આપ્યો હતો. જો કે, તે સમયે વર્મા અને પ્રશાંત કિશોર બંનેને પાર્ટીમાં હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા હતા. પ્રશાંત કિશોરની કંપનીએ તો અરવિંદ કેજરીવાલ અને તેમની પાર્ટીના ચૂંટણી પ્રચારની જવાબદારી પણ સંભાળી લીધી હતી. પત્રમાં અંતમાં વર્માએ નીતિશકુમારથી પોતાની વિચારધારા સ્પષ્ટ કરવાની અપીલ કરી હતી. તેમણે લખ્યું હતું કે, પોતાની વિચારધારા અથવા તો જેડીયુ મિટિંગમાં સ્પષ્ટ કરશે અથવા તો અન્ય કોઈ માધ્યમથી જે પણ તમનો યોગ્ય લાગે તેવી રીતે વિચાધારા સ્પષ્ટ કરવા અંગે આશા વ્યક્ત કરી હતી.

---

શેરબજારમાં જોરદાર મંદી રહેવાના સાફ સંકેતો

# સેંસેક્સ વધુ ૨૦૫ પોઈન્ટ ઘટ્યો : બજારમાં નિરાશા

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૧

આર્થિક સુસ્તી અને કંપનીઓના નિરાશાજનક પરિણામોના કારણે સેંસેક્સમાં સતત બીજા દિવસે ઘટાડો રહ્યો હતો. સેંસેક્સ આજે ૨૦૫ પોઈન્ટ અથવા તો ૦.૪૯ ટકા ઘટીને ૪૧૩૨૩ની સપાટીએ રહ્યો હતો. આવી જ રીતે નિફ્ટી ૫૫ પોઈન્ટ અથવા તો ૦.૪૫ ટકા ઘટીને ૧૨૧૬૯ની સપાટીએ બંધ રહ્યો હતો. તાતા સ્ટીલના શેરમાં સૌથી વધુ ૩.૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ સુઝુકી, એશિયન પેઈન્ટ્સ, પાવરગ્રીડ, આઈટીસી અને એક્સિસ બેંકના શેરમાં ઘટાડો રહ્યો હતો. બીજી બાજુ અલ્ટ્રાટેક સિમેન્ટ, એચડીએફસી, કોટક બેંક, ભારતી એરટેલ, ઓએનજીસી અને ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં વધારો રહ્યો હતો. કારોબારીઓના જણાવ્યા અનુસાર વૈશ્વિક બજારોમાં નકારાત્મક માહોલ અને કંપનીઓના ત્રિમાસિક કમાણીના આંકડા નિરાશાજનક રહેતા સ્થાનિક મૂડીરોકાણકારો સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી રહ્યા છે. ત્રિમાસિક ગાળાના પરિણામ જારી થઈ રહ્યા છે જેના ભાગરુપે એશિયન પેઈન્ટ્સ, એક્સિસ બેંક, એલ એન્ડ ટી, મોતીલાલ ઓસ્વાલ, રેઈમન્ડ, આરબીએલ બેંકના આંકડા ૨૨મી જાન્યુઆરીના દિવસે જારી કરાશે. કેનેરા બેંક, એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સના આંકડા ૨૩મી જાન્યુઆરીના દિવસે જારી કરાશે. બેંક ઓફ બરોડા અને અલ્ટ્રાટેક સિમેન્ટના આંકડા ૨૪મી જાન્યુઆરીના દિવસે જારી કરાશે. આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા તેના આંકડા ૨૫મીએ જારી કરવામાં આવશે. આરઆઈએલ, ટીસીએસ અને અન્ય કંપનીઓ દ્વારા ગયા શુક્રવારે તેમના આંકડા જારી કર્યા હતા. એજીઆર મુદ્દાને લઈને પણ અસર રહી શકે છે. આર્થિક મોરચા ઉપર મૂડીરોકાણકારોની નજર કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ફુગાવાના ડેટા ઉપર રહેશે. આ આંકડા આવતીકાલે જારી કરવામાં આવનાર છે. ગઈકાલે પણ જોરદાર કડાકો બોલી ગયો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૪૧૬ પોઈન્ટ ઘટીને ૪૧૫૨૯ની નીચી સપાટીએ રહ્યો હતો.નિફ્ટી ૧૨૮ પોઈન્ટ ઘટીને ૧૨૨૨૪ની સપાટીએ રહ્યો હતો. આગામી સપ્તાહમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા ડિસેમ્બરના મહિના માટે તેમના પેસેન્જર ટ્રાફિકના આંકડા જારી કરવામાં આવનાર છે. વૈશ્વિક મોરચા પર કારોબારીઓ યુએસ રેટબુક પર નજર રાખી રહ્યા છે. પેટ્રોલિયમ પેદાશોની કિંમતો, ડોલર સામે રૂપિયાની ચાલની અસર રહેશે. અમેરિકામાં ૨૩મી જાન્યુઆરીના દિવસે બેરોજગારીના આંકડા જારી કરવામાં આવનાર છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ભૌગોલિક તંગદિલી વધી છે અને સ્થાનિક આર્થિક પડકારો પણ મોટાપાયે રહેલા હોવા છતાં વિદેશી મૂડીરોકાણકારો આશાસ્પદ રહ્યા છે.

---

વિદેશ મંત્રાલયની ઘટના પર નજર

# નેપાળ : ગેસ લીક થતાં ૮ ભારતીય પર્યટકોના મોત

## મૃતકોમાં ચાર માસુમ બાળકોનો પણ સમાવેશ : ભારતીય વિદેશમંત્રી એસ જયશંકરે સમગ્ર મામલે દુખ વ્યક્ત કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૨૧

નેપાલમાં એક રિસોર્ટમાં ગેસ લીક થવાના કારણે મંગળવારે આઠ ભારતીય પર્યટકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. મૃતકોમાં ચાર બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘટનાની મળતી માહિતી મળ્યા બાદ ભારતીય દૂતાવાસના અધિકારીઓ તરત જ હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. જ્યારે વિદેશ મંત્રાલયે પણ ઘટના પર સંપૂર્ણ નજર કેન્દ્રિત કરી દીધી હતી. પોલીસ અધિક્ષક સુશીલ સિંહ રાઠોરના જણાવ્યા અનુસાર રિસોર્ટના રુમમાં બેભાન હાલતમાં મળેલા ભારતીય નાગરિકોને એચએએમએસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને તબીબો દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. રિપોર્ટ અનુસાર ગેસ લીકના કારણે મૃત્યુ પામેલ આઠ લોકો ૧૫ પર્યટકોની તે ટીમમાં સામેલ છે

જે કેરળથી પોખરા ગયા હતા. ૮ ભારતીય પર્યટકો મંગળવારે નેપાળની એક હોટલમાંથી બેભાન સ્થિતિમાં મળ્યા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે જ્યારે તેમને એરલિફ્ટ કરીને કાઠમાંડુની હોસ્પિટલ લાવવામાં આવ્યા ત્યારે ડોક્ટર્સે તેમને મૃત જાહેર કર્યા હતા. વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરને જણાવ્યું કે, દરેક પર્યટકોને તિરુઅનંતપુરમ (કેરળ)ના છે. તેમના મૃતદેહો કાઠમાંડુથી તિરુઅનંતપુરમ લાવવામાં આવી રહ્યા છે. મુરલીધરને જણાવ્યું કે, મૃતકોમાં રંજીત અને પ્રવીણ સહિત તે બંનેની પત્ની અને ૪ બાળકો સામેલ છે. ડોક્ટરના જણાવ્યા પ્રમાણે શ્વાસ રૂંધાવાના કારણે તેમનું મોત થયું છે. નેપાળ પોલીસે કહ્યું કે, ૧૫ સભ્યોનું એક ગ્રૂપ કેરળથી નેપાળ આવ્યું હતું. પરત ફરતી વખતે તેઓ મકવાનપુર જિલ્લાના દમણમાં આવેલા એવરેસ્ટ પૈનોરમા રિસોર્ટમાં રોકાયા હતા. હોટલ મેનેજમેન્ટે જણાવ્યું કે, તે લોકો સોમવારે રાતે૯.૩૦ વાગે રિસોર્ટ પર આવ્યા હતા. તેમણે રૂમને ગરમ રાખવા ગેસ હિટર ઓન કર્યું હતું. આ લોકોએ કુલ ૪ રૂમ બુક કર્યા હતા. ૮ લોકો એક જ રૂમમાં રોકાયા હતા જ્યારે બાકીના લોકો અન્ય રૂમમાં રોકાયા હતા. તેમણે રૂમની દરેક બારી અને દરવાજો બંધ કરી દીધા હતા.

## તંત્રી લેખ.....

# આર્થિક ક્ષેત્રે નિરાશા

ભારત સરકાર પાંચ ટ્રીલીયન ડોલરની ઈકોનોમીના ધ્યેય તરફ આગળ વધી રહી છે પરંતુ પાયાની સ્થિતિ સરકારના સપનાંને સિધ્ધ કરાવી શકે એવું દેખાતું નથી. ભારતના આર્થિક તંત્રના છેલ્લા એક દાયકા પર નજર કરીએ તો ખ્યાલ આવશે કે ભારતે આર્થિક ક્ષેત્રે બહુ ધાડ નથી મારી. ભારતનું આર્થિક તંત્ર ૨૦૧૦માં હતું તેનાથી કદાચ બે કદમ પાછળ ગયું છે એમ કહી શકાય. સિક્કાની બીજી બાજુ એ પણ છે કે ૨૦૧૦માં જેણે સોનામાં રોકાણ કર્યું છે તેમના નાણા ૨૦૨૦માં ડબલ થઈ ગયા છે.એવું શેરબજાર તેમજ ચાંદી માટે પણ કહી શકાય છે. તેમ છતાં ભારતની આર્થિક કરોડરજ્જુ છેલ્લા દાયકામાં મજબુત થવાના બદલે વધુ નબળી થઈ છે. ફાઈવ ટ્રીલીયન ડોલરની ઈકોનોમી શક્ય છે પરંતુ તેના માટે આર્થિક પાયો મજબુત કરવો પડે અને બજારોમાં રહેલી સુસ્તીને દુર કરવા પગલાં લેવા પડે. ૨૦૧૪માં મોદી સરકાર આવી ત્યારે ભારતની ઈકોનોમીમાં નવા આઈડયાનો સંચાર થયો હતો. સરકારે બે નંબરી વ્યવહારો બંધ કરવા લીધેલા જીએસટી જેવા પગલાં વધુ ગૂંચવાડો ઉભા કરતા હતા.નાના વેપારીઓ અને દુકાનદારો કાયદાની પકડમાં આવી ગયા હતા પરંતુ સરકાર તેને ગુનેગારની જેમ જોવા લાગી હતી. જીએસટી અમલી બનાવીને સરકારે આવક ઉભી કરી હતી પણ વેપારીને નિરાશ કરી દીધો હતો. બજારોમાં પ્રવર્તતી મંદીમાં તેજીનો જાન ફૂંકવા સરકારે અનેક પગલાં લીધા છે પણ તે પેપર ટાઈગર સમાન પુરવાર થયા છે.૨૦૧૦માં એટલેકે એક દાયકા પહેલાં ભારતનો જીડીપી ૧૩ ટકા જેટલો હતો આજે દશ વર્ષના અંતે તે ૧૭-૧૮ ટકા હોવાના બદલે માંડ ૪.૫ ટકા જેટલો છે. ૨૦૧૦માં ભારતના જીડીપીમાં ૧૭.૫ ટકા જેટલો ફાળો હતો જે ૨૦૨૦માં ૧૫.૬ ટકા જેટલો છે. વધુ પડતો વરસાદ કૃષિ ક્ષેત્ર માટે ખલનાયક સમાન સાબિત થયો છે પરંતુ મોદી સરકાર માટે પણ તે નેગેટીવ પરિબળ સમાન રહ્યો છે.ભારતના પ્રતિસ્પર્ધી તરીકે પાકિસ્તાન નથી પણ ચીન છે. ચીનની ઉત્પાદન ક્ષમતા વધી રહી છે જ્યારે ભારત તેનાથી ઘણું પાછળ છે. ચીનનો જીડીપી ૨૦૧૦માં ૧.૪ ટ્રીલીયન હતો જે ૨૦૧૯માં ૧૪.૨ ટ્રીલીયન પર પહોંચી ગયો છે. જ્યારે ભારતનો જીડીપી ત્રણ ટ્રીલીયન પર ડામાડોળ છે અને મોદી સરકાર ૨૦૨૪ સુધીમાં તે પાંચ ટ્રીલીયન થશે એવો દાવો કરે છે. આજની સ્થિતિ જોતાં તે ધોળા દિવસે જોવાતા સપનાં સમાન છે.મોદી સરકાર પાસે નબળા આર્થિક તંત્ર બાબતે અનેક બહાના છે. તે પૈકી એક વૈશ્વિક મંદી છે તો બીજું અમેરિકા અને ચીન વચ્ચેની ટ્રેડવોર છે. પરંતુ ભારતમાં રોકાણ વધારવા માટે લેવા જોઈતા કોઈ પગલાં લેવાયા નથી. મોદી સરકારે નોટબંધી અને ઉતાવળે જીએસટીનું અમલીકરણ કરાવીને લોકોને મૂઝવી માર્યા હતા. જાગૃત લોકો કહે છે કે મોદી સરકારે પહેલાં આર્થિક મુદ્દે ટટ્ટાર થવાની જરુર હતી અને પછી એનઆરસી જેવું સળગતું લાકડું હાથમાં પકડવાની જરુર હતી. ડુંગળી જેવી જીવન જરુરી વસ્તુઓ સરકારની આંખે પાણી લાવી દેનાર બની હતી.મોદી સરકારની વિદેશમાં પ્રશંસા થતી હતી પરંતુ ઘર આંગણાની સમસ્યાઓએ મોદી સરકારને થકવી નાખી હતી. દેશની છેલ્લા દાયકાની આર્થિક સ્થિતિ અંગે એમ કહી શકાય કે નિરાશા જનક દાયકો દેશની આર્થિક કમર તોડનાર રહ્યો હતો. આર્થિક તંત્રની સ્થિતિ જોઈને એમ કહી શકાય કે રાજકારણમાં જે નેતા પાવરધો હોય એ આર્થિક ક્ષેત્રે પાવરધો હોય એમ માની ના શકાય.

### ઉત્તર ભારતમાં ધુમ્મસ અને તીવ્ર ઠંડીથી હાલત કફોડી બની

# રાજસ્થાનમાં કાતિલ ઠંડીનુ મોજુ યથાવત : પારો નોર્મલથી ઓછો

## રાજસ્થાનના સિકરમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ : પારો બે ડિગ્રી સુધી પહોંચ્યો

## જનજીન પર પ્રતિકુળ અસર : હરિયાણા, પંજાબ, યુપીમાં પણ તીવ્ર ઠંડી જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૨૧

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી ફરી એકવાર જોવા મળી રહી છે. સૌથી વધારે કફોડી હાલત હાલમાં રાજસ્થાનમાં જોવા મળી રહી છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં પારો એકથી ચાર ડિગ્રી વચ્ચે પહોંચી ગયો છે. સિકરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં પારો નોર્મલ કરતા ઓછો રહ્યો છે. હાલમાં કોઈ રાહત નહી મળે તેવી વાત તંત્ર દ્વારા કરવામાં આવી છે. સિકરમાં પારો ઘટીને બે ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. જેથી જનજીવન પર અસર થઈ છે. ચુરુમાં ચાર અને પિલાનીમાં પારો ૪.૨ ડિગ્રી રહ્યો છે. ઉત્તરપ્રદેશ, હરિયાણા, પંજાબમાં પણ તીવ્ર ઠડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર ચંદીગઢમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીના કારણે ટ્રેન અને વિમાની સેવાને અસર થઈ છે. રાજસ્થાનના ચુરુમાં તાપમાન માઈનસ ૪ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગના અધિકારીઓએ કહ્યું છે કે, પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જમ્મુ કાશ્મીરના પહેલગામ, કેલોંગ, સિમલામાં તાપમંન નીચે રહ્યુ છે. માઉન્ટ આબુમાંકાતિલ ઠંડીના કારણે પ્રવાસીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ધુમ્મસના કારણે દિલ્હી આવતી ૨૧ ટ્રેનો મોડેથી દોડી રહી છે. હજુ હિમવર્ષા જારી રહી શકે છે. દિલ્હી-એનસીઆરમાં ધુમ્મસ અને ઠંડીના કારણે લોકોની હાલત આજે ફરી એકવાર કફોડી બની ગઈ છે. ધુમ્મસના કારણે દિલ્હીથી દોડનાર ૨૧ ટ્રેનો લેટ ચાલી રહી છે. જ્યારે ચાર ટ્રેનના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. માર્ગો પર ધુમ્મસના કારણે સવારે મોટી સંખ્યામાં લોકોને આવરજવરમાં તકલીફ પડી હતી. વિજિબિલિટી ઘટી જવાના કારણે દિલ્હી વિમાનીમથકે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગે કહ્યુ છે કે આગામી બે ત્રણ દિવસ દરમિયાન ઠંડીથી લોકોને રાહત નહી મળે તેવી શકયતા છે. બીજી બાજુ જમ્મ કાશ્મીરના કારગીલમાં માઈનસ તાપમાન થયુ છે. દક્ષિણ કાશ્મીરના કાજીગુન્દ ખાતે પારો માઈનસ ડિગ્રીમાં છે. ગુલમર્ગ ખાતે પારો માઈનસ ડિગ્રી રહ્યો હતો. દેશના અન્ય ભાગોમાં પણ હાલમાં કાતિલ ઠંડી પ્રવર્તી રહી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસની ચાદર જોવા મળી રહી. કેટલાક મેદાની ભાગોમાં પણ પારો શુન્ય સુધી પહોંચી ગયો છે. હાલમાં કેટલીક જગ્યાએ બરફના કારણે રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે ઉચાણવાળા વિસ્તારમાં હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા જારી રહી છે. જેથી ઠંડીમાં એકાએક વધારો થયો છે. કાશ્મીર ડિવીઝનમાં લોકોની હાલત કફોડી બનેલી છે. લડાખ પ્રદેશમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. પહલગામ અને ગુલમર્ગ ખાતે તાપમાન માઈનસમાં છે. સ્કી રિસોર્ટ તરીકે લોકપ્રિય ગુલમર્ગમાં પારો માઈનસ સુધી નીચે પહોંચી ગયો છે. જ્યારે વાર્ષિક અમરનાથ યાત્રા માટે બેઝ કેમ્પ ગણાતા પહલગામમાં પારો માઈનસ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. લેહમાં માઈનસ ૮.૫ ડિગ્રી તાપમાન રહ્યુ છે. હિમાચલપ્રદેશમાં પણ એવી જ સ્થિતી થયેલી છે. હિમવર્ષા અને વરસાદના કારણે પારો માઈનસમાં પહોંચી ગયો છે.

કેલોગ, કાલ્પા અને મનાલીમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયુ છે. કેલોગ અને ભારમોરમાં હિમવર્ષા થઈ છે. હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા અને વરસાદના કારણે ઠંડીમાં એકાએક વધારો થયો છે. બીજી બાજુ ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. તાપમાનમાં ઘટાડો થવાના કારણે લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. બીજી બાજુ બન્ને રાજ્યોમાં કેટલીક જગ્યાએ લઘુતમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. કેટલીક જગ્યાએ માઈનસમાં તાપમાન પહોંચી ગયુ છે. ભારે હિમવર્ષાના કારણે કેટલાક રસ્તાને બંધ કરી દેવાની ફરજ પડી છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. મંગળવારના દિવસે જમ્મુ - શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ અને મુગલ રોડને બંધ કરી દેવાની ફરજ પડી છે. જો કે હવે રાજમાર્ગને ખોલી દેવામાં આવતા લોકોને રાહત થઈ છે. ઉત્તારીય કાશ્મીરના બારામુલા જિલ્લા સ્થિત તંગમાર્ગમાં સતત હિમવર્ષા થઈ રહી છે. જ્યારે મેદાની ભાગોમાં હિમવર્ષા થઈ છે. વરસાદના કારણે રાત્રી તાપમાનમાં ઘટાડો થયો છે.

જમ્મુ કાશ્મીરના ડોડામાંપણ સતત હિમવર્ષા જારી છે. રાજૌરીના પીર પંજાલ રેંજમાં પણ સતત હિમવર્ષા થઈ રહી છે. અહીં ચારેબાજુ બરફની ચાદર છવાયેલી છે. જેના કારણે જનજીવન સંપૂર્ણ અસ્ત વ્યસ્ત થઈ ગયુ છે.

### બજેટ પહેલા જુદી જુદી માંગ કરવામાં આવી

# શિક્ષણ ક્ષેત્રમાં ફાળવણીમાં વધારો કરવાની માંગ કરાઈ

## નવા જીએસટી હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે વધુ ટેક્સ રાહતો આપવા તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની રજૂઆત

નવી દિલ્હી,તા. ૨૧

કેન્દ્રીય બજેટ આડે વધારે સમય રહ્યો નથી ત્યારે જુદા જુદા ક્ષેત્ર દ્વારા અને સંગઠન દ્વારા માંગ કરવામાં આવી ચુકી છે. હવે બજેટમાં શુ મળે છે તેની રાહ જોવાઈ રહી છે. બજેટ દસ્તાવેજોના પ્રકાશનની શરૂઆત થઈ ચુકી છે. હલવા સેરેમની ગઈકાલે જ પૂર્ણ થઈ હતી. શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા નિષ્ણાંતો દ્વારા કેટલીક માંગ કરવામાં આવી ચુકી છે. શિક્ષણ ક્ષેત્ર માટે ફાળવણીને વધારી દેવા માટે ભલામણ કરી છે. સાથે સાથે જીએસટી હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે વધારે ટેક્સ રાહતો આપવા માટેની પણ માંગ કરી છે. નાણામંત્રીને લખવામાં આવેલા પત્રમાં કેટલીક માંગ કરવામાં આવી છે. જીએસટીને અમલી કરવામાં આવ્યા બાદ રજૂ કરવામાં આવનાર બજેટને લઈને તમામ તૈયારી ચાલી રહી છે.મોદી સરકાર માટે પણ આ બજેટ અતિ મહત્વપૂર્ણ સાબિત થનાર છે. વર્તમાન અવધિમાં મોદી સરકાર બીજુ બજેટ રજૂ કરવા જઈ રહી છે. નાણાં પ્રધાન તરીકે નિર્મલા સીતારામન બીજુ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. આર્થિક સુસ્તીના માહોલમાં તેમની સામે કેટલાક પડકારો રહેલા છે. રિચર્સ સંસ્થાઓને વેગ આપવામાં આવે તેવી રજૂઆત થઈ રહી છે. મર્યાદિત ટેક્સ મુક્તિના મામલામાં પણ ધ્યાન આપવામાં આવે તેમ કહેવામાં આવ્યું છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, શૈક્ષણિક સંસ્થાઓએ એક સ્પષ્ટ અને અસરકારક કમિટિ બનાવવી જોઈએ જે જરૂરી સૂચનો કરી શકે છે. મોટાભાગની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને ખાનગી યુનિવર્સિટીઓ જે કેન્દ્ર અને રાજ્યોના નિયમો મુજબ આગળ વધી રહી છે તેમની સામે ગંભીર પ્રકારની નાણાંકીય સમસ્યા છે. તેમની પાસે પુરતા પ્રમાણમાં નાણા નથી. સાથે સાથે છુટછાટ પણ મળી રહી નથી.ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ નવા ટેક્સ બોજને ઉપાડવાની સ્થિતિમાં નથી.શિક્ષણમાં પણ તમામ આશાવાદી છે.

# દિલ્હી ચૂંટણી : કેજરીવાલ દ્વારા ઉમેદવારી નોંધાવાઈ

નવી દિલ્હી,તા. ૨૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈને ગરમી ચરમસીમા પર પહોંચી ચુકી છે. આ રાજકીય ગરમીની વચ્ચે આજે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. કેજરીવાલ સવારમાં પરિવારના તમામ સભ્યો અને નજીકના સમર્થકો સાથે ઉમેદવારી પત્ર ભરવા માટે સંબંધિત ઓફિસમાં પહોંચી ગયા હતા. ગઈકાલે સોમવારના દિવસે રોડ શો દરમિયાન સમયસર ન પહોંચવાના કારણે ઉમેદવારી પત્ર ભરી શક્યા ન હતા. જો કે આજે નામ નોંધવવાના છેલ્લા દિવસે કેજરીવાલે ઉમેદવારી નોંધાવી હતી. કેજરીવાલ ફરી એકવાર દિલ્હીમાં સત્તામાં વાપસી કરવા માટે આશાવાદી છે. પરિવારની સામે કેજરીવાલ સવારે ઓફિસ પહોંચી ગયા હતા. કેજરીવાલે કહ્યુ હતુ કે તેમના હેતુ ભ્રષ્ટાચારને હરાવવા અને દિલ્હીને આગળ લઈ જવાનો રહ્યો છે. તેમનો ઈરાદો કેજરીવાલને પરાજિત કરવાનો રહેલો છે. નવી દિલ્હી સીટ પરથી કેજરીવાલે ઉમેદવારી નોંધાવી હતી. કેજરીવાલની સામે કોંગ્રેસ અને ભાજપને યોગ્ય ઉમેદવાર મળી રહ્યા નથી. અરવિંદ કેજરીવાલે ગઈકાલે રોડ શો કરીને તેમની તાકાતનો પરિચય આપ્યો હતો. સમર્થકોને સંબોધતા કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ લોકોને મળતા આગળ વધ્યા હતા. નવીદિલ્હી વિધાનસભા સીટ પરથી અરવિંદ કેજરીવાલ ત્રીજી વખત ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે. પ્રથમ વખત ૨૦૧૩માં તેઓએ આ ચૂંટણી લડી હતી. અહીં મુખ્યમંત્રી શીલા દિક્ષિતને ૨૫૦૦૦ મતે હાર આપી હતી. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે વધારે સમય રહ્યો નથી ત્યારે હવે તમામ તૈયારીઓમાં રાજકીય પક્ષો લાગી ગયા છે. આ વખતે દિલ્હીમાં ભાજપ અને એએપી વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી પણ તેની ગુમાવેલી પ્રતિષ્ઠાને હાંસલ કરવા માટે ઈચ્છુક છે. શિલા દિક્ષિતના અવસાન બાદ કોંગ્રેસ પાર્ટી પાસે કોઈ મજબૂત નેતા નથી છતાં પાર્ટી નવા નેતાઓ ઉપર આધાર રાખીને આગળ વધવા માટે ઈચ્છુક છે. કેજરીવાલની આ વખતે કસોટી છે. મોદી ,અમિત શાહની હાજરીમાં તેમની પરીક્ષા થશે.

# ભારતમાં પહેલી જુનથી વન નેશન, વન રાશન કાર્ડ સ્કીમ

નવી દિલ્હી,તા. ૨૧

દેશમાં પહેલી જુનથી વન નેશન વન રાશન કાર્ડ યોજના લાગુ કરવામાં આવનાર છે. કેન્દ્રિય નાણાંપ્રધાન રામવિલાસ પાસવાને કહ્યુ છે કે યોજના હેઠળ ગ્રાહકો એક જ રેશનિંગ કાર્ડનો ઉપોગ દેશભરમાં કોઈ પણ જગ્યાએ કરી શકે છે. તેમણે કહ્યુ હતુ કે અમે પહેલી જુનના દિવસથી આ યોજનાને દેશભરમાં લાગુ કરવા જઈ રહ્યા છીએ. આ પહેલા ગયા વર્ષે કેન્દ્રિય પ્રધાને વન નેસન વન રાશન કાર્ડ યોજના પાયલોટ પ્રોજેક્ટના આધાર પર દેશના ચાર રાજ્યોમાં અમલી કરવામાં આવી હતી. જે હેઠળ આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ગુજરાત તેમજ મહારાષ્ટ્રની વચ્ચે કાર્ડ પોર્ટેબિલીટીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હવે એક જ રેશનિંગ કાર્ડ દેશભરમાં લાગુ થઈ શકે છે. પહેલી જુનના દિવસથી આ યોજના દેશભરમાં લાગુ કરવામાં આવનાર છે. આ યોજના અમલી કરવામાં આવ્યા બાદ કોઈ પણ રાજ્યના રાશનકાર્ડ ધારક અન્ય રાજ્યોમાં રેશનિંગની દુકાનોથી સસ્તા દરે ચોખા અને ઘઉંની ખરીરી કરી શકશે. સરકાર માની રહી છે કે આના કારણે ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવામાં મદદ મળી શકે છે. સાથે સાથે રોજગાર અને અન્ય કારણોસર એક જગ્યાથી બીજી જગ્યાએ જતા લોકોને સબસિડીવાળા રેશનિંગકાર્ડથી વંચિત રહેવાની ફરજ પડશે નહીં.

આ ફેરફારના કારણે એક કરતા વધારે કાર્ડ રાખવાની શક્યતા પણ ખતમ થઈ જશે. સરકારની આ પહેલને લઈને પણ સામાન્ય લોકો અને ગરીબ વર્ગને મોટી રાહત મળવાની શક્યતા છે. ગયા વર્ષે આ સ્કીમ પર કામ શરૂ કરવામાં આવ્યા બાદ આ સ્કીમને શરૂઆતમાં પાયલોટ પ્રોજેક્ટના આધાર પર અમલી કરવામાં આવી હતી.

# નિયમીત પૂજાપાઠ કરતા લોકો વધુ ખુશઃ અભ્યાસ

ધાર્મિક પ્રવૃત્તિ અથવા તો ભક્તિભાવના સાથે જોડાયેલા લોકો વધુ ખુશ રહે છે અને તેઓ લાઈફ દરમિયાન વધુ હકારાત્મક અભિગમ ધરાવે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ બાબતોનો પણ ખુલાશો થઈ ગયો છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે નિયમિત રીતે ધાર્મિક સેવા સાથે જોડાયેલા લોકોમાં હતાશાની સંભાવના ૨૭ ટકા સુધી ઘટી જાય છે. અમેરિકી અભ્યાસમાં સંશોધકોએ જુદા જુદા ધર્મમાં માનનાર અને આર્થિક બેકગ્રાઉન્ડ ધરાવતા લોકોને આવરી લીધા હતા. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે નિયમિત ધાર્મિક પ્રવૃત્તિ કરનાર ૨૮ ટકા વધુ લોકો હકારાત્મક દેખાયા હતા અને સામાજિક પ્રવૃત્તિમાં જવાબદાર રહ્યા હતા. આ ઉપરાંત લાઈફ સ્ટાઈલ પણ તેમની સ્વસ્થ રહી છે.

# ખેલ મામલાની સમિતિથી સચિન, વિશ્વનાથન આઉટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૨૧

મહાન ક્રિકેટર સચિન તેન્ડુલકર અને શતરંજના બાદશાહ તરીકે ગણાતા વિશ્વનાથન આનંદને કેન્દ્રની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે ખેલ સાથે જોડાયેલી સમિતિમાંથી આઉટ કરી દેવામાં આવ્યા છે. મોદી સરકારે આ બંને દિગ્ગજોને ડિસેમ્બર ૨૦૧૫માં રચવામાં આવેલી ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ સ્પોર્ટસમાંથી બહાર કરી દેવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારને રમત સાથે સંબંધિત મામલામાં સલાહ આપવા માટે આ પરિષદની રના કરવામાં આવી હતી. નવા સભ્યો તરીકે ક્રિકેટર હરભજનસિંહ અને કે શ્રીકાંતને સામેલ કરવામાં આવ્યા છે. તત્કાલીન રમતગમત પ્રધાન સર્બાનંદ સોનોવાલે ડિસેમ્બર ૨૦૧૫માં તેની રચના કરી હતી. ડિસેમ્બર ૨૦૧૫થી મે ૨૦૧૯ સુધી કમિટીની પ્રથમ અવધિમાં સચિનને રાજ્યસભા સાંસદ અને આનંદને પ્લેયર તરીકે જગ્યા આપવામાં આવી હતી. હવે કમિટીના સભ્યોની સંખ્યાને ૨૭થી ઘટાડીને ૧૮ કરી દીધી છે.

સચિન અને આનંદ ઉપરાંત બેડમિન્ટન કોચ પુલેલા ગોપીચંદને પણ બહાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાથે સાથે પૂર્વ ફુટબોલ કેપ્ટન ભુટિયાને પણ બહાર કરી દેવામાં આવ્યો છે.સુત્રોના કહેવા મુજબ કમિટીની બેઠકોમાં બંને ખેલાડી હાજરી આપી રહ્યા ન હતા. ગોપીચંદને દુર કરવા માટે કેટલાક કારણ આપવામાં આવી રહ્યા છે. જે પૈકી સૌથી મહત્વપૂર્ણ કારણ તેમના વ્યસ્ત કાર્યક્રમને ગણવામાં આવે છે.

# પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ૧૦ દિવસમાં નોંધપાત્ર ઘટાડો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૨૧

તેલની કિંમતોમાં હાલમાં ભારે ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. છેલ્લા ૧૦ દિવસના ગાળામાં જ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં નોંધપાક્ષ ઘટાડો થયો છે. પેટ્રોલની કિંમતમાં ૧૦ દિવસમાં સવા રૂપિયા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. ગ્રાહકોને સીધો લાભ આના કારણૅ થઈ રહ્યો છે. કારણ કે ફ્યુઅલ સસ્તુ થવાની સ્થિતીમાં અન્ય ખર્ચની સંભાવના વધી જાય છે. જો કે લીબિયા સંકટના કારણે ફરી એકવાર કિંમતોમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આફ્રિકી દેશમાં આંતરિક સમસ્યા સર્જાઈ ગઈ છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે.

દરરોજ સવારે છ વાગે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થઈ જાય છે. લીબિયા સંકટના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી શકે છે. જાણકાર લોકોના કહેવા મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ઉતારચઢાવની અસર ભારતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં જોવા મળી રહી છે. છેલ્લા ૧૦ દિવસના ગાળામાં પેટ્રોલ ડીઝલની કિંમતોમાં ફરી એકવાર વધારો થઈ રહ્યો છે. આનો મતલબ એ થયો કે, કિંમતોમાં હાલ ગ્રાહકોને રાહત મળવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

દેશભરમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારાની શરૂઆત થતાં સરકાર માટે પણ મુશ્કેલી આવી શકે છે.બજેટ આડે વધારે સમય રહ્યો નથી ત્યારે હાલમાં કારોબારી કોઈ રોકાણ કરવાના મુડમાં દેખાઈ રહ્યા નથી. કારણ કે બજેટ બાદ ઉભી થનાર સ્થિતી પર નજર રાખવામાં આવી રહી છે. હાલમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તંગ સ્થિતીના કારણે પણ પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વ્યાપક ફેરફાર જોવા મળ્યા હતા.


## કર્ણાવતી મેટ્રો

**આપના લખાણ દ્વારા આપના અવાજને વાચા આપો.....આપે શું કરવાનું રહેશે.**

આપની સોસાયટી, આપની પોળ, ચાલી, આપના વિસ્તારોના પ્રશ્નો, સમસ્યાઓ, કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી મોકલવાની રહેશે, આપ આપના નિવેદનો, તંત્રીને પત્રો, ટુંકા લેખો, સમસ્યા અને પ્રશ્નોની છણાવટ કરી રજુઆત સત્વરે મોકલો.

આપના લખાણ કર્ણાવતી મેટ્રો દૈનિકમાં છપાશે. ઓછા શબ્દે ધારદાર કામની કેડી કંડારો, વીજળી, પાણી, રસ્તા, અનાજ, કેરોસીન, જીવન જરૂરિયાતની ચીજવસ્તુના ભાવ, અસામાજિક પ્રવૃત્તિઓ, પ્રદુષણ અને એવી અનેક સમસ્યાઓની ધારદાર રજુઆત કરો. સત્વરે કલમ ઉપાડો....લખો....અને મોકલો.....નગરના કોઈપણ વિસ્તારના નગરજનોને સળગતી સમસ્યાઓ બાબતે જાગૃતિ કેળવવા માટે.

''કર્ણાવતી મેટ્રો દૈનિક'' કાર્યાલય ૫૬, કાપડીયા એસ્ટેટ મારકેટ ગોલવાડ, રતનપોળ, અમદાવાદ MO : 8758206371










શ્રી ગોરના કુવાવાળી માં ચેહર

શ્રી ચેહર માતાજીનું મંદિર, ગોરનો કુવો, મણિનગર, અમદાવાદ

માતાજીના ઉપાસક :

માઇ ભક્ત શ્રી રમેશભાઇ ભટ્ટ

દર રવિવારે માઇ ભક્તો મોટી ઉમટી પડે છે.



## શતાક્ષી ફાસ્ટ ફુડ કોર્નર

ઇડલી, મસાલા ઢોસા, ઉત્તપા, વડા પાઉં, પફ, ભાજીપાઉં, પુલાવ, સ્પે. ચાઇનીઝ ઇડલી, તથા ચાઇનીઝની દરેક વસ્તુ તેમજ સ્પે. પંજાબી છોલે ભટુરે મળશે

શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે

૧૮, શ્રીધર એપાર્ટમેન્ટ, હરિપુરા, શાક માર્કેટ પાસે, મણિનગર (પૂર્વ) અમદાવાદ

### ૨૨થી ૨૫મી દરમ્યાન ચાર દિવસીય એક્સ્પો

# ગોબલજ : હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસનો એક્સ્પો

## સરકારના સિંગલ યુઝ પ્લાસ્ટિક નાબૂદી આદેશ અનુસાર કંપની મુલાકાતીઓને કોટનની બેગ્સનું પણ વિતરણ કરશે

અમદાવાદ, તા. ૨૧

અમીનપુર, ચિત્તૂર અને જલપાઈગુરી ફેક્ટરીઓમાં યોજાયેલા તેના એક્સપિરીયન્સ કેન્દ્રોની સફળ કામગીરીને આગળ ધપાવતા, ભારતની ટોચની એફએમસીજી કંપનીઓમાંની એક હિન્દુસ્તાન કોકા- કોલા બેવરેજીસ (એચસીસીબી), ગુજરાત દ્વારા અમદાવાદ નજીક ગોબલેજ ખાતે ચાર દિવસીય મહત્વનો એક્સ્પો યોજવા જઇ રહી છે. ગોબલજ ખાતે હિન્દુસ્તાન કોકા-કોલા બેવરેજીસનો એક્સ્પો તા.૨૨ થી ૨૫ જાન્યુઆરી દરમ્યાન યોજાશે, અને તેની સાથે, એચસીસીબી હજારો લોકોને કૌશલ્ય નિર્માણ, કચરાના સંચાલનની સારી રીતો, ડિજિટલ કુશળતા, ફળ ઉગાડવાની નવી પદ્ધતિઓ અને તે ઉપરાંત ઘણું શીખવશે. મુલાકાતીઓને એચસીસીબી, તેના ઉત્પાદનો અને તેની ઉત્પાદન પદ્ધતિઓ વિશે વધુ જાણવાની તક પણ રહેશે. ઉપરાંત, એક્સ્પો સ્ટેન્ડ પરના મુલાકાતીઓ, દરેકને ઈનામો અને કપડાની થેલી જીતવાની તક આપશે, જે સરકારના સિંગ યુઝ પ્લાસ્ટિકની થેલીઓની નાબૂદીના ફોકસ સામેનો પ્રતિભાવ છે. તાજેતરમાં જ અમીનપુર, ચિતૂર જલપાઈગુરી ખાતે યોજાયેલા કામચલાઉ એક્સ્પોમાં ૩૫,૦૦૦ લોકો હાજરી આપી હતી. લગભગ ૨૦,૦૦૦ લોકો સ્થાનિક સમુદાયે ગયા વર્ષે ભારતના આઠ જુદા જુદા ફેક્ટરી સ્થળોએ બનાવેલા કંપનીના અનુભવ કેન્દ્રોમાં હાજરી આપી હતી. અનોખી પહેલ વિશેના સંબોધનમાં એચસીસીબીના ચીફ કોમ્યુનિકેશન્સ ઓફિસર કમલેશ શર્માએ જણાવ્યું હતું કે, અમારી ફેક્ટરીઓની આસપાસના લોકોને હંમેશા પૂર્વમંજૂરીથી અમારી ફેક્ટરીઓની મુલાકાત લેવાની તક મળી છે, અને એન્જિનિયરિંગ અને ટેકનોલોજી વિશે શીખે છે. વર્ષમાં એક વખત, અમે તેમને અમારી સંસ્થા અને દેશમાં થઈ રહ્યું છે તેવું એક નવું વ્યાપક પ્રદર્શન આપવાનું વિચારીએ છીએ. આવું કાર્નિવલ જેમ કે સેટ-અપમાં થાય છે જે દરેક વય માટે, દરેક માટે ખુલ્લું રહે છે. જ્યારે બાળકો ખ્યાલ શીખવા અને સમજવા આવે છે, ત્યારે પુખ્ત વયના લોકોને ટકાઉ જીવન જીવવાના માર્ગો, ડિજિટલ માધ્યમોનો ઉપયોગ, રોજગાર યોગ્ય કુશળતા વગેરે વિશે તાલીમ આપવામાં આવે છે. અમે આશા રાખીએ છીએ કે, ચાર દિવસમાં ગોબલેજમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો આવશે અને ઉત્સાહનો સમય ગાળશે અને અનેક ઈનામો જીતશે. આ વર્ષે એક્સપિરિયન્સ સેન્ટરમાં વધુ આકર્ષક બાબતો ઉપરાંત, એક વિભાગ છે જ્યાં લોકોનું એક જૂથ ઉર્જા ઉત્પન્ન કરવા માટે બાઈકને પેડલ મારી શકે છે અને એલઈડી સ્ક્રીન પર વિઝ્યુઅલ લાઈટ કરી શકે છે. એચસીસીબીના કિસ્સામાં બને છે તેમ તેની ફેક્ટરીઓ ચલાવવા માટે એ બતાવવાનું છે કે વૈકલ્પિક અને રિન્યુએબલ ઉર્જાનો અતિશય ઉપયોગ થાય છે. એક્સપિરિયન્સ સેન્ટરનો બીજો ઉત્તેજક ભાગ તે ભાગ છે જ્યાં હાથની હરકતો અને કાઈનેક્ટના ઉપયોગ પર આધારિત રમત, લોકોને વધતી કેરીની પરંપરાગત પદ્ધતિ વિરુદ્ધ યુએચડીપી પદ્ધતિઓ વચ્ચેના તફાવતને સમજવામાં મદદ કરે છે. યુએચડીપી પદ્ધતિ ખેડૂતો માટે ખૂબ ફાયદાકારક છે. એચસીસીબી તેની માઝા અને મિનિટ મેઈડ જ્યુસ ડ્રિંક માટે યુએચડીપીનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવતા તોતાપુરી કેરીનો ઉપયોગ કરે છે. એક્સ્પોમાં એવા વિભાગો પણ છે કે જ્યાં લોકો એચસીસીબીના પોતાના લોકપ્રિય પીણા બનાવવાનો વિકલ્પ પ્રાપ્ત કરે છે. દેશની રીસાઈકલ અને રિયૂઝ જૂની પદ્ધતિ પરથી પ્રેરણા મેળવતા એચસીસીબી, અધિકૃત એજન્સીઓ દ્વારા તમામ પ્રકારના પ્લાસ્ટિક એકત્રિત કરવા અને પુન પ્રાપ્ત કરવા અને તેમના કપડાં, જેકેટ્સ, ટી-શર્ટ્સ, પગરખાં, ફર્નિચર, રમકડાં વગેરેની પુન પ્રાપ્ત કરવાની પહેલને પ્રકાશિત કરે છે. થીમ પર આધારીત, કંપનીએ એક વિભાગ બનાવ્યો છે જ્યાં ગેમિફિકેશન દ્વારા લોકો સ્ત્રોત દ્વારા કચરાના વિભાજન વિશે શીખી શકે છે, જે એક મોટો પર્યાવરણીય પડકાર છે. ગેમિફિકેશન ઝોનનો હેતુ લોકોને તેની આસપાસની સંભાળ રાખવા અને સ્વચ્છતા અભિયાનમાં ફાળો આપવા માટે સક્ષમ અને શિક્ષિત કરવાનો છે.



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર સેક્ટર સાતમાં શાકમાર્કેટ ખાતે સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને શ્રમદાનમાં સહભાગી થયા હતા.

### સેવાનું કામ કરનાર પરમાત્માની નજીક હોય છે

# સ્વચ્છતાનું કામ સેવાનું કામ છે : આચાર્ય દેવવ્રતનો મત

## ગંદકી કરીને કુદરતી સંપદાને દૂષિત કરી પ્રકૃતિના પ્રકોપનો આપણે ભોગ બની રહ્યા છે : ગવર્નર દેવવ્રતનો અભિપ્રાય

અમદાવાદ

કુદરતે આપણને સ્વચ્છ પહાડો, ડુંગરો, નદીઓ, સમુદ્ર અને જંગલો આપ્યા છે, પણ આપણે સૌએ ગંદકી ફેલાવીને કુદરતી સંપદાને દુષિત કરી, પ્રકૃતિના પ્રકોપ આપણે ભોગ બની રહ્યા છીએ, તેવું આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકાના સેકટર-૭ માર્કેટ ખાતે યોજાયેલ શ્રમદાન કાર્યક્રમનો આરંભ કરાવતાં ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું. હાથમાં ઝાડું લઈ પડેલા કચરાની સફાઈ કરી રાજયપાલશ્રીએ શ્રમદાન કાર્યક્રમનો આરંભ કર્યો હતો. ગાંધીનગરને સ્વચ્છ રાખતાં સર્વે સફાઇ કર્મયોગી ભાઇ-બહેનોને અભિનંદન પાઠવતાં રાજયપાલએ જણાવ્યું હતું કે, સફાઇ કર્મીઓ રાત દિવસ પ્રકર્તિની સુંદરતાને જાળવણી રાખવા સાફ સફાઇ માટે પુરો દિવસ પોતાનું યોગદાન આપે છે અને સ્વચ્છતાના મિશન આગળ વધારે છે, તેને આદરના ભાવથી જોવા જોઈએ. તેઓ સાચા અર્થમાં સન્માનીય છે. સફાઈ કર્મીઓ થકી જ લોકોને સ્વચ્છ વાતાવરણ મળે છે. બીમારી થતી અટકે છે. દુનિયામાં કોઈ કામ નાનું હોતું નથી.

સ્વચ્છતાનું કામ સેવાનું કામ છે, સેવાનું કામ કરતાં સૌ કોઈ પરમાત્માની નજીક હોય છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, ગંદકી કરે તે મોટો અને ગંદકી સાફ કરે તે નાનો, તેવી નાની સમજ દૂર કરવાનો સમય આવી ગયો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા કે, આપણા ઘરનું શૌચાલય પણ એટલું સ્વચ્છ હોય કે, ત્યાં બેસી આપણે પૂજા-અર્ચના કરી શકીએ. આ કામને થોડાક વર્ષો અગાઉ ગુજરાતના સપુત અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ કર્યો છે. આ અભિયાની ફલશ્રૃતિ રૂપે સમાજમાં સ્વચ્છતા અંગેની જાગૃત્તિ આવી છે. લોકોને સ્વચ્છતા ઘરની કે પોતાની નહિ, પણ આસપાસની સ્વચ્છતા પણ ખૂબ જ જરૂરી છે, તેવું કહી જણાવ્યું હતું કે, આ અભિયાન અંગેની જાગૃત્તિ ફેલાવવા માટે રાજભવન દ્વારા દર માસે કોઈ પણ એક દિવસે ગુજરાતના કોઈ પણ ગામ કે શહેરમાં સ્વચ્છતા કરી શ્રમદાન કાર્યક્રમમાં સહભાગી બનવામાં આવે છે.

રાજયપાલએ સર્વે નાગરિકોને કુદરતનું સંચાલન કરતાં ભગવાનના આદેશનું પાલન કરીને પર્યાવરણને નુકશાન ન કરવા અને તેનું જતન કરવા અનુરોધ કર્યો હતો. તેમજ હું ગંદકી કરીશ નહિ, આસપાસની ગંદકીને દૂર કરીશ તે સંકલ્પ સાથે સ્વચ્છ ભારત મિશનમાં જોડાવવા ભારપૂર્વક જણાવ્યું હતું.

# સારા સાવધાનીપૂર્વક ફિલ્મો સાઈન કરવા માટે ઈચ્છુક છે

મુંબઈ,તા. ૨૧

બોલિવુડમાં ધડાકા સાથે એન્ટ્રી કરી ચુકેલી અને હાલમાં સિમ્બા મારફતે ભારે લોકપ્રિયતા મેળવી લેનાર સારા અલી ખાન સાવધાનીપૂર્વક ફિલ્મો કરવા માટે ઈચ્છુક છે. સારા પાસે હાલમાં સતત સારી ફિલ્મો આવી રહી છે. હાલમાં તો કાર્તિક આર્યન સાથે તેની લવ આજ કલ ફિલ્મને લઈને વ્યસ્ત છે. આ ફિલ્મ ૧૪મી ફેબ્રુઆરીના દિવસો રજૂ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તે વરૂણ ધવનની સાથે કુલી નંબર વન કરી રહી છે. જે આ ફિલ્મ મે મહિનામાં રજૂ કરવામાં આવનાર છે. તો હાલમાં જાન્હવી કપુર કરતા આગળ દેખાઈ રહી છે. સારા પાસે રોહિત શેટ્ટીની સિમ્બા રજૂ કરવામાં આવ્યા બાદ અનોક નવી ફિલ્મ હાથમાં આવી રહી છે. જો કે તો ઉતાવળમાં કોઈ ફિલ્મ કરવા માટે તૈયાર નથી. સારા ખાન આવતાની સાથે જ આડેધડ ફિલ્મો સાઈન કરવા માટે ઈચ્છુક નથી. તો સાવધાની સાથે કેરિયરને આગળ વધારી દેવા માટે ઈચ્છુક છે. સારા અલી ખાન અભિષેક કપુરની નવી ફિલ્મ કેદારનાથ સાથે બોલિવુડમાં પ્રવેશી હતી. ત્યારબાદ તેની સિમ્બા હાલમાં રજૂ કરવામાં આવી હતી. જેમાં તોની સાથે રણવીર સિંહની ભૂમિકા હતી.

હવે તોની પાસો વધુ કેટલીક ફિલ્મો આવી રહી છે. કેદારનાથ નામની ફિલ્મમાં તોની સાથે સુશાંત સિંહ રાજપુતો ભૂમિકા અદા કરી હતી.

હાલમાં સારા અલી ખાન મુંબઈના એક લોકપ્રિય સલુનમાંથી બહાર નિકળતા કેમેરામાં કેદ થઈ ગઈ હતી. બોલિવુડના તમામ સુપરસ્ટારના બાળકો એન્ટ્રી કરી રહ્યા છે. સારા અલી અને શ્રીદેવીની પુત્રી જાન્હવી કપુર વચ્ચે હાલમાં સીધી સ્પાર્ધા રહેવાની ચર્ચા જોવા મળી રહી છે. જો કે જાન્હવી કપુર કરતા સારા અલી ખાન હાલમાં આગળ નિકળી ગઈ છે.

# આર્મી ઓફિસરની ભૂમિકા અદા કરી હાલ સિદ્ધાર્થ ખુશ

મુંબઈ,તા. ૨૧

વિક્રમ બત્રાની બાયોપિક ફિલ્મ કરીનો સિદ્ધાર્થ મલહોત્રા ભારે ખુશ છે. તો આ રોલ કર્યા બાદ ગૌરવ અનુભવ કરી રહ્યો છે. કારગિલ યુદ્ધના હિરો વિક્રમ બત્રાની બાયોપિક ફિલ્મ તૈયાર કરવામાં આવી રહી છે. ફિલ્મને લઈને તમામ લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.ફિલ્મનુ શુટિંગ ચંદીગઢમાં કરવામાં આવનાર છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. સૌથી પહેલા ચંદીગઢમાં શુટિંગ ચાલી રહ્યુ છે. અહીંની ડીએવી કોલેજમાં શુટિંગ કરવામાં આવ્યા બાદ અન્યત્ર શુટિંગ કરવામાં આવી રહ્યુ છે. જેમાં વિક્રમ બત્રાએ અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તે પાલમપુર જશે જ્યાં કેપ્ટન તોમના પરિવારના સભ્યો સાથે રહેતા હતા. પાકિસ્તાની આર્મીના પકડી પાડવામાં આવેલા મેસોજમાં તોનો કારગીલ શેર શાહ નામ આપવામાં આવ્યુ હતુ. યુદ્ધના એક હિસ્સાનુ શુટિંગ કાશ્મીર અનો લેહ ખાતો કરવામાં આવનાર છે. આ જગ્યાએ વર્ષના અંત સુધી શુટિંગ કરાશે. જ્યાં લુક તેના બદલાઇ જશે. સિદ્ધાર્થ ફિલ્મમાં તેના જોડકા ભાઈની પણ ભૂમિકા અદા કરી રહ્યો છે. વિશાલની ભૂમિકામાં પણ તે પોતે જ રહેનાર છે. પ્રથમ વખત નિર્દેશક તરીકે મેદાનમાં ઉતરી રહેલા વિષ્ણુ વર્ધને કહ્યુ છે કે તે રેકી કરી ચુક્યા છે. સાથે સાથે તમામ જરૂરી પરવાનગી મેળવી ચુકયા છે. સિદ્ધાર્થ મલહોત્રા રિયલ આર્મી જવાનની જેમ ટ્રેનિંગ લઈ રહ્યો છે. નિખિલ અડવાણીની ફિલ્મ મનજાવા બાદ તો આ ફિલ્મમાં હવે વ્યસ્ત છે. સિદ્ધાર્થ આફિલ્મ સાથે વ્યસ્ત થનાર છે.

વિક્રમ બત્રાની ગર્લ ફ્રેન્ડની ભૂમિકા અદા કોણ કરશે તેનો લઈનો ચર્ચા ચાલી રહી છે. વિક્રમની ગર્લ ફ્રેન્ડ ડિમ્પલ ચીમા છે. સિદ્ધાર્થ મલહોત્રાને બોલિવુડમાં યુવા પેઢીના લોકપ્રિય સ્ટાર તરીકે ગણવામાં આવે છે તોની કેરિયરની શરૂઆત પણ જોરદાર રીતે થઈ હતી.

### ૨૭મીએ વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવાયું

# પશ્ચિમ બંગાળ પણ સીએએ વિરોધી પ્રસ્તાવ રજૂ કરશે

## ૨૭મીએ બપોરે બે વાગે પ્રસ્તાવ વિધાનસભામાં રજૂ થશે

કોલકાતા, તા. ૨૧

નાગરિક સુધારા કાનૂન (સીએએ)ના વિરુદ્ધ દેશભરના અનેક રાજ્યોમાં પ્રદર્શન જારી છે. કેરળ અને પંજાબની વિધાનસભામાં સીએએ વિરોધી પ્રસ્તાવ રજૂ પસાર કરવામાં આવી ચુક્યો છે. કેરળ અને પંજાબ બાદ હવે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ૨૭મી જાન્યુઆરીના દિવસે કાનૂન વિરુદ્ધ પ્રસ્તાવ પસાર કરવાની તૈયારી થઈ ચુકી છે. આના માટે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તૃણમુલ કોંગ્રેસ ચીફ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી શરૂઆતથી જ આ કાનૂનનો વિરોધ કરી રહ્યા છે. મમતા બેનર્જીએ પોતે સીએએના વિરોધમાં રેલીઓ કરી ચુક્યા છે. પશ્ચિમ બંગાળના પ્રવાસે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ પણ મમતા બેનર્જીને કહ્યું હતું કે, તેઓએ આ કાનૂનને પરત ખેંચવાની માંગ વડાપ્રધાન મોદીને કરી છે. હવે મમતા બેનર્જીની સરકાર રાજ્યની વિધાનસભામાં સીએએના વિરુદ્ધ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે. આ સંદર્ભે ૨૭મી જાન્યુઆરીના દિવસે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. ૨૭મી જાન્યુઆરીના દિવસે બપોરે બે વાગે વિધાનસભામાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવનાર છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી શરૂઆતથી જ આ કાનૂનનો વિરોધ કરી રહ્યા છે. તેમની પાર્ટીએ પશ્ચિમ બંગાળમાં અલગ અલગ ભાગોમાં સીએએના વિરોધમાં રેલીઓ પણ કરી છે. મમતા બેનર્જીએ પોતે આ રેલીઓમાં ચાલતા માર્ચની આગેવાની કરી ચુક્યા છે. મમતા બેનર્જીએ અન્ય રાજયોને પણ સીએએ વિરુદ્ધ પ્રસ્તાવ લાવવાની માંગ કતરતા કહ્યું હતું કે, હું દેશમાં વિપક્ષ શાસિત રાજયો તતા પૂર્વોત્તરના તમામ રાજયોની સરકારને અપીલ કરવા માંગું છું કે, એનપીઆરને લઈ કોઈપણ નિર્ણય પર પહોંચતા પહેલા તમામ દસ્તાવેજો ધ્યાનથી વાંચી લે.

# શિવજીને કરચલાનો અભિષેક થયો : શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

અમદાવાદ,

સુરતના ઉમરા વિસ્તારના રામનાથ-ઘેલા મંદિરમાં દર વર્ષની જેમ પોષ એકાદશીએ અહીં મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોષી એકાદશીએ ઉમરા વિસ્તારમાં આવેલા રામનાથ ઘેલા મંદિરમાં શિવજી પર જીવતા કરચલાથી અભિષેક કરવાની પરંપરા હોવાથી મોટી સંખ્યામાં ભાવિકો દ્વારા જીવતા કરચલા ભગવાન શિવજીને ચડાવવામાં આવ્યાં હતાં. સંતાનસુખ, દુઃખ-દર્દ દૂર થતા હોવાની, કાનની રસી મટતી હોવાની પ્રબળ માન્યતાને લઈ હજારો શ્રધ્ધાળુ ભકતો આજે વહેલી સવારથી જ માનતા લેવા અને પૂર્ણ કરવા મંદિરે જીવતા કરચલા લઈને પહોંચ્યા હતા અને ભોળાનાથની પૂજા અર્ચના કરી હતી. એટલુંજ નહી, પરંપરા મુજબ, ભોળાનાથના શિવલીંગ પર જીવતા કરચલાનો અભિષેક કર્યો હતો. ભાવિકોની માનતા પૂર્ણ થતાં દરવર્ષની જેમ આ વર્ષે પણ જીવતા કરચલાની ખરીદી કરીને જીવતા કરચલાને એક થેલીમાં ભરી ભક્તો મંદિરમાં પ્રવેશ કરે છે. મંદિરમાં રામનાથ ઘેલા મહાદેવ પર જીવતા કરચલાનો અભિષેક કરીને પોતાની માનતા પૂર્ણ કરતાં હોય છે. જીવતા કરચલાનો અભિષેક કરવા પાછળ લોકવાયકા જોડાયેલી છે. કહેવાય છે કે, અહીં રોકાયા હતા. જે બાદ તેમણે પોતાના કમાનથી શિવલીંગ ઉત્પન્ન કરી પૂજા-અર્ચના કરી હતી. બાદમાં ભગવાન રામને પોતાના પિતાના અવસાનના સમાચાર મળ્યા હતા. જેથી ભગવાન રામે અહીં પિતૃ તર્પણવિધિ કરવાનો નિર્ણય કર્યો. લોકવાયકા પ્રમાણે ભગવાન રામે તર્પણવિધિ દરમ્યાન બ્રાહ્મણ નહી હોવાથી સમુદ્રદેવને બ્રાહ્મણ તરીકે પ્રગટ થવા વિનંતી કરી હતી. સમુદ્ર દેવ બ્રાહ્મણ રૂપે પ્રગટ થયા અને ભગવાન રામે પૂજા સંપન્ન કરી હતી. આ દરમ્યાન સમુદ્રના મોજાના કારણે ભગવાન શિવના શિવલીંગ પર અસંખ્ય જીવિત કરચલા આવી પડ્યાં હતા. ભગવાન રામને સમુદ્રદેવે કરચલા જેવા જીવનો ઉદ્ધાર કરવા વિનંતી કરતાં ભગવાન આ જોઈ ઘેલા ઘેલા બન્યા અને ભગવાન રામે કરચલાને યોગ્ય સન્માન મળે તે ઉદેશથી એક સૂચન કર્યું.

### રાજ્યના તોલમાપ વિભાગ દ્વારા જોરદાર સપાટો

# એમઆરપી વિનાની લાખોની ઓરેન્જ જ્યુસ બોટલો કબજે

## કસ્ટમરોને વેચવામાં આવતી કોઈપણ ચીજવસ્તુઓ ઉપર એમઆરપી, પેકિંગ તારીખ સહિત વિગતો લખવી જરૂરી

(G.N.S.)

(જી.એન.એસ.)

અમદાવાદ

રાજયના તોલમાપ વિભાગે જોરદાર સપાટો બોલાવીનો કોકોકોલા બ્રાન્ડેડની મિન્ટમેડ ઓરેન્જ જ્યુસની એમઆરપી વિનાની લાખોની કિંમતની બોટલો જપ્ત કરીને ખળભળાટ મચાવી દીધો છે.

રાજયના તોલમાપ વિભાગ દ્વારા દરોડો પાડીને ખેડા જિલ્લાના ગોબલજ ખાતે આવેલ મલ્ટીનેશનલ કંપની કોકા-કોલા બ્રાન્ડેડની ‘‘મીનટ મેડ ઓરેન્જ જ્યુસની એમઆરપી વિનાની અંદાજે ૭.૬૧ લાખથી વધુ કિંમતની ૨૧,૭૪૪ બોટલોનો જથ્થો કાયદેસરની કાર્યવાહી કરી સીઝ કરવામાં આવ્યો છે. મલ્ટીનેશનલ કંપની કોકા -કોલા દ્વારા તેમના નિટ મેડ ઓરેંજ જ્યુસની ૪૦૦ મિ.લિ.ની બોટલ પર ધી પેકેઝડ કોમોડીટીઝ રૂલ્સ,૨૦૧૧ના નિયમોમાં જરૂરી મહત્તમ છૂટક વેચાણ કિંમતનો ઉલ્લેખ કર્યો ન હોવાથી નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન, ગાંધીનગરના નાયબ નિયંત્રક અને ફ્લાઈંગ સ્કવોડની ટીમ દ્વારા એકમની મુલાકાત લઈને આ કોકા-કોલા કંપનીની એમ.આર.પી.વિનાની કુલ ૭,૬૧,૦૪૦/ની કિંમતની કુલ ૨૧,૭૪૪ બોટલો સીઝ કરવામાં આવી છે.

આ માટે તોલમાપ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગ્રાહકોને વેચાતી કોઈપણ ચીજવસ્તુના પેકેટ પર ગ્રાહકો સ્પષ્ટપણે વાંચી શકે તે રીતે એમઆરપી, પેકીંગ તારીખ, કસ્ટમર કેર નંબર, નેટ ક્વોલીટી વગેરે બાબતો ધી પેકેઝૂડ કોમોડીટીઝ રૂલ્સ , ૨૦૧૧ની જોગવાઈઓ મુજબ દર્શાવવી જરૂરી છે.

આ જોગવાઈઓના ભંગ બદલ કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. ગ્રાહકોના હિતમાં આ બાબતો દર્શાવવી અત્યંત આવશ્યક છે. આ બાબતને લગતી કોઈપણ ફરિયાદ હોય તો પર રજૂઆત કરવાની રહેશે તેમ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક સુરક્ષા, યાદીમાં જણાવાયું છે.

### ઝાડા ઉલ્ટીના ૧૮ દિવસમાં ૧૯૦ કેસો નોંધાયા

# અમદાવાદમાં ડેન્ગ્યુના ૧૮ દિવસમાં ૬૯ કેસો નોંધાયા

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસમાં નવા વર્ષમાં પણ કેસો નોંધાયા છે. સાદા મેલેરિયાના નવા વર્ષમાં ૧૩થી વધુ કેસ અને ડેંગ્યુના ૬૯થી વધુ કેસ નોંધાયા છે. માત્ર ૧૮ દિવસના ગાળામાં જ ડેંગ્યુના ૬૯થી વધુ કેસો સપાટી ઉપર આવતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. તીવ્ર ઠંડીમાં પણ ડેંગ્યુનો આતંક જારી રહ્યો છે.

બીજી બાજુ પાણીજન્ય કેસોની વાત કરવામાં આવે તો ૧૮ દિવસના ગાળામાં ઝાડા-ઉલ્ટીના ૧૯૦ અને કમળાના ૧૧૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. ટાઈફોઈડના ૧૨૪ કેસો સપાટી ઉપર આવ્યા છે. રોગચાળાના કેસોને રોકવા માટે તંત્ર દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં નવા કેસ સપાટી ઉપર આવી રહ્યા છે. ડિસેમ્બર મહિનામાં પણ મોટી સંખ્યામાં કેસો નોંધાયા હતા. આંકડા પર નજર કરવામાં આવે તો ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ૭૯૩ કેસો નોંધાતા ખળભળાટ મચી ગયો હતો. પહેલીથી ૩૦મી નવેમ્બર વચ્ચેના ગાળામાં ડેંગ્યુના ૭૯૩ કેસો નોંધાયા હતા. ૨૦૧૮માં ડેંગ્યુના ૩૩૨ કેસ નોંધાયા હતા જેની સામે આંકડો ૨૦૧૯માં પહેલાથી જ બે ગણો થઈ ચુક્યો હતો અને આંકડો ૭૯૩ ઉપર તો નવેમ્બરના અંત સુધી જ પહોંચી ગયો હતો. આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાને રોકવા માટે ઝડપથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૯૧ ક્લોરિન ટેસ્ટ આ ગાળા દરમિયાન કરવામાં આવ્યા છે. ઉપરાંત ક્લોરિન ગોળીઓનું વિતરણ, પાણીના નમૂનાની તપાસ કરાઈ છે. બેક્ટેરિયોલોજીકલ તપાસ માટે હજારોની સંખ્યામાં પાણીના નમૂના લેવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા પગલા લેવાયા છે. જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન ૧૨૦૯૬૯ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા જેની સામે ૧૮મી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં ૫૯૨૬૦ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન લીધેલા ૨૭૮૬ સિરમ સેમ્પલોની સામે ૧૮મી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં ૧૧૨૯ સિરમ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી. ઠંડીના દિવસોમાં સાવચેતી રાખવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે.

### વાયુ પ્રદૂષણને લઈ ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

# બીએસ-૨, બીએસ-૩ વાહનનું રજિસ્ટ્રેશન હવે થઈ શકશે નહીં

## બીએસ-૪ વિનાના ફોર વ્હીલર્સની નોંધણી નહી કરવાના નિર્ણયને હાઈકોર્ટની બહાલી : એસો.ની અપીલ ફગાવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા. ૨૧

વાયુ પ્રદૂષણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો કર્યો છે. રાજ્યમાં વધતા પ્રદૂષણને જોતા ગુજરાત હાઈકોર્ટના નિર્ણય પ્રમાણે હવે બીએસ-૪ વગરના વાહનોની નોંધણી હવેથી નહીં થાય. એટલે સ્વાભાવિક છે કે હાઈકોર્ટે બીએસ-૨, બીએસ-૩ના વાહનોની નોંધણી અમાન્ય ગણવાના અને ફોર વ્હીલરમાં બીએસ-૪ નોર્મ્સ અમલી બનાવતાં આરટીઓ સત્તાધીશો અને આ અંગેના કેન્દ્ર સરકારના જાહેરનામાને ગુજરાત હાઈકોર્ટે યોગ્ય અને વાજબી ગણાવી તેને બહાલ રાખ્યું છે. જેને પગલે બીએસ-૨, બીએસ-૩ના વાહનોનું પણ રિ-રજીસ્ટ્રેશન હવે થશે નહીં. ગુજરાત હાઈકોર્ટે તા.૧-૪-૨૦૧૦ પહેલાના ઉત્પાદન થયેલા વાહનો અને તેને ટ્રાન્સફર કરવાની અરજદારપક્ષની અરજીઓ આરટીઓ સત્તાવાળાઓ દ્વારા સ્વીકારવામાં આવે તેવી માંગણી પણ હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી ન હતી. ઓટોમોબાઈલ એસોસીએશન, અમદાવાદ દ્વારા સીંગલ જજના હુકમ સામે કરાયેલી લેટર્સ પેટન્ટ અપીલમાં તા.૧૬-૬-૨૦૧૦ના સત્તાવાળાઓના પરિપત્રનો પડકારવામાં આવ્યો હતો. કારણ કે, તા.૫-૪-૨૦૧૦ના નિર્ણયથી કેન્દ્ર સરકારે તા.૧-૪-૨૦૧૦ પહેલાના વાહનો માટે ભારત સ્ટેજ-૪ની અમલવારીનો નિર્ણય અમલી બનાવ્યો હતો. કેન્દ્ર સરકારના આ નિર્ણયને ધ્યાનમાં રાખી અરજદારપક્ષ તરફથી ફોર વ્હીલર વાહનોના ટ્રાન્સફર કરવાનો આરટીઓ સત્તાવાળાઓએ ઈન્કાર કરી દીધો હતો. દરમ્યાન આ અપીલનો વિરોધ કરતાં આરટીઓ સત્તાવાળાઓ તરફથી જણાવાયું હતું કે, બીએસ-૨ અને ૩ વહાનો મારફતે ફેલાતા વાયુ પ્રદૂષ અને નાગરિકોના આરોગ્ય માટે જોખમી ધુમાડા અને પ્રદૂષણને લઈ સત્તાવાળાઓએ ઉપરોકત પરિપત્ર અને નિર્ણય અમલી બનાવ્યો છે. જે મુજબ, તા.૬-૯-૨૦૦૪ના પરિપત્રથી બીએસ-૩ અને બીએસ-૪નું નોર્મ્સનું પાલન નહી કરતાં અનુક્રમે ટુ વ્હીલર અને ફોર વ્હીલરના નોંધણી અને્ ટ્રાન્સફર પર રોક લગાવી દેવામાં આવી હતી. એટલું જ નહી, તેના રિ રજિસ્ટ્રેશન માટે પણ પાબંદી લગાવી દેવામાં આવી હતી. આ સંજોગોમાં અરજદારપક્ષની અપીલ કોઈપણ સંજોગોમાં ટકી શકે તેમ નથી. હાઈકોર્ટે આ દલીલો ગ્રાહ્ય રાખી અરજદારની અપીલ ફગાવી દીધી હતી અને ઠરાવ્યું હતું કે, સ્વચ્છ પર્યાવરણ એ દરેક નાગરિકનો બંધારણમાં બક્ષવામાં આવેલો અધિકાર છે. કેન્દ્ર સરકાર અને આરટીઓ સત્તાવાળાઓ દ્વારા વાયુ પ્રદૂષણની સ્થિતિને ધ્યાનમાં રાખી જારી કરેલો નિર્ણય યોગ્ય અને વાજબી છે. એટલું જ નહી, સીંગલ જજે પણ આ કેસમાં અગાઉ આપેલો ચુકાદો કાયદાનુસાર અને યોગ્ય હોઈ તેમાં ખંડપીઠની દરમ્યાનગીરી ન્યાયોચિત જણાતી નથી. આ સંજોગોમાં અરજદારપક્ષની અપીલ ફગાવી દેવામાં આવે છે.

### ક્યાં કેટલું તાપમાન.....

અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. ચિત્ર નીચે મુજબ છે.

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૧૧.૭ |
| ડિસા | ૯.૮ |
| ગાંધીનગર | ૧૧.૪ |
| વડોદરા | ૧૧.૮ |
| સુરત | ૧૪.૨ |
| કેશોદ | ૧૦.૮ |
| પોરબંદર | ૧૩.૨ |
| અમરેલી | ૧૦.૪ |
| રાજકોટ | ૧૦.૨ |
| સુરેન્દ્રનગર | ૧૧.૫ |

### સુરતમાં વિકરાળ આગની વધુ એક ઘટના

# સુરત : કાપડ માર્કેટ આગ ૧૫ કલાક બાદ પણ ચાલુ

## રઘુવીર સેલેડિય માર્કેટના ૧૪ માળ આગમાં લપેટાયા, ૧૪મો માળ બળીને ખાખ : કરોડોના નુકસાનની આશંકા

અમદાવાદ,તા. ૨૧

સુરત શહેરના પુણા-સારોલી રોડ પર આવેલા રઘુવીર સિલિયમ માર્કેટમાં મળસ્કે ત્રણ વાગ્યાની આસપાસ ચોથા માળ પર શોટ સર્કિટના કારણે આગ લાગી હતી. આગ જોત જોતામાં ચોથા માળ પર ફેલાઈ ગઈ હતી અને ત્યાર બાદ નીચેના ભાગમાં અને ઉપરના ભાગમાં આવેલી માર્કેટની તમામ દુકાનોને આગે ઝપટમાં લઈ લીધી હતી. વિકરાળ આગે એક પછી એક ૧૪ માળને ઝપટમાં લઈ લીધા હતા. એક જગ્યાએથી આગ કાબૂમાં આવે ત્યાં ફરી બીજે લાગતી હતી. પહેલા માળે કાબૂમાં આવેલી આગ ફરી પહેલા માળે લાગી ગઈ હોવાનું સામે આવ્યું હતુ. ફાયરબ્રિગેડ, એનડીઆરએફની ટીમોએ ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવવાની સાથે સાથે રાહત અને બચાવ કામગીરીનું સમગ્ર ઓપરેશન હાથ ધર્યું હતું પરંતુ આગ એટલી ભયંકર અને વિકરાળ હતી કે, ૧૫-૧૫ કલાકથી વધુ સમય વીતી જવા છતાં આગને કાબૂમાં લઈ શકાઈ ન હતી.

એક તબક્કે ભયાવહ આગ સામે સમગ્ર તંત્ર જાણે વામણું પુરવાર થયું હતું. આગની ભયાનકતાને જોતાં સુરત ફાયરબ્રિગેડ દ્વારા બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો. તો, આગને બુઝાવવા માટે ૧૨ કલાકમાં ત્રણ કરોડ લિટરથી વધુ પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. મોડી સાંજ બાદ ભારે જહેમતના અંતે આગ પર કંઈક અંશે કાબૂ મેળવી શકાયો હતો. રઘુવીર માર્કેટમાં લાગેલી આગમાં ભડભડ બળી રહેલા એસીના કોમ્પ્રેસર બ્લાસ્ટ થતાં આગ વધુ વિકરાળ અને બેકાબૂ બની હતી. સવારથી લાગેલી આગમાં રઘુવીર માર્કેટનો ૧૪મો માળ સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયો હતો તો, ૧૪મા માળની આસપાસના અન્ય માળોની પણ કંઈક હાલત જ સામે આવી હતી. આગને કાબૂમાં લેવા માટે ૭૦થી વધુ ફાયર ફાઈટરો અને પાણીના ટેન્કરોની મદદ લેવામાં આવી હતી. દરમ્યાન સુડાના ચેરમેને બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, બિલ્ડીંગમાં ઈલેક્ટ્રીક વાયરીંગ અને બિલ્ડીંગને નોટિસ આપવામાં આવી હતી. ૧૩ દિવસ અગાઉ પણ આગ લાગી હતી.

તેમ છતાં ફાયર સેફ્ટીના અભાવના કારણે હવે બિલ્ડીંગને સીલ કરી દેવાની કામગીરી કરવામાં આવશે. ફાયર બ્રિગેડના લાશ્કરોની કુલ ૭૭ જેટલી ગાડીઓ રઘુવીર માર્કેટ પર પહોંચી હતી ઉપરાંત ત્રણ હાઈડ્રોલિક પ્લેટફોર્મને પણ બોલાવીને માર્કેટના તમામ ફ્લોર પર આવેલી દુકાનો અને ગોડાઉનોમાં પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવવાના નિરર્થક પ્રયત્નો શરૂ કર્યા હતા. રઘુવીર માર્કેટમાં ૮૦૦થી વધુ દુકાનો અને ઓફિસો આવેલી છે. ભયાવહ આગના દ્રશ્યો જોઈને સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પરંતુ બપોરે પોણા ત્રણ વાગ્યા સુધી એટલે કે કલાકો સુધી ત્રણ કરોડ લિટર પાણીનો મારો ચલાવ્યા પછી પણ આગ પર કાબુ મેળવી શકાયો નહોતો. રઘુવીર સિલિયમ માર્કેટના એલિવેશનમાં લોખંડના પતરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી આગ પર કાબૂ મેળવવા ફાયરબ્રિગેડને પતરા પાણીના મારાથી તોડવાની ફરજ પડી રહી છે. પતરા તૂટ્યાં બાદ પાણી અંદર જતું હોવાથી આગ પર કાબૂ મેળવવા પાણીનો વધુ ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. સુરત મહાનગર પાલિકાના ફાયર બ્રિગેડ પાસે અદ્યતન સાધનો છે તેમ છતાં પણ આગ પર કાબુ ન આવતા આખરે બારડોલી, નવસારી અને પલસાણાના ફાયર સ્ટાફને પણ મદદ માટે બોલાવાયો હતો. જો કે, આટલી ભયાનક અને વિકરાળ આગને કાબૂમાં લેવામાં ફાયરબ્રિગેડ, એનડીઆરએફ સહિત સમગ્ર તંત્ર ફાંફે ચડી ગયુ હતુ અને હાંફી ગયુ હતુ.

આગને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. આ રોડ પરનો ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો. પોલીસને ટ્રાફિક નિયમન કરવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

### ૧૯૫૨થી અત્યાર સુધીની માર્કશીટ ઘરે બેઠા મળશે

# ૧૦-૧૨ની ડુપ્લીકેટ માર્કશીટ માટે હવે ધક્કો નહીં ખાવો પડે

## નિયત ફી ભર્યા બાદ કુરિયર મારફતે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને ઘેર બેઠા ડુપ્લીકેટ માર્કશીટ પહોંચતી કરાશે

અમદાવાદ, તા.૨૧

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સાનો ૧૯૫૨થી અત્યાર સુધીની ધોરણ-૧૦ અને ૧૨ની માર્કશીટનું ડિજીટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને ડુપ્લીકેટ માર્કશીટ લેવા માટે ગાંધીનગરના ધક્કા ખાવા નહીં પડે પરંતુ ઓનલાઈન ફોર્મ ભરવાથી ઘરે બેઠા માર્કશીટ મળી જશે. વિદ્યાર્થીઓ અને વાલીઓને બોર્ડના આ નિર્ણયથી મોટી રાહત થશે. માધ્યમિક શિક્ષણ બોર્ડની સ્થાપનાથી લઈ અત્યાર સુધીની લગભગ પાંચ કરોડ માર્કશીટનું ડિજીટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. તેમજ તેનું ટેસ્ટીંગ પણ કરવામાં આવી રહ્યું છે.

આ કામગીરી પૂર્ણ થયા બાદ ઘરે બેઠા ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટે અરજદારે ઓનલાઈન ફોર્મ ભરવું પડશે અને તેના માટે નિયત કરેલી ફી ચૂકવવી પડશે. આ કાર્યવાહી થયા બાદ અરજદારને કુરિયર મારફતે ઘરે બેઠા એક અઠવાડીયામાં જ માર્કશીટ મળી જશે. નવી સીસ્ટમને કારણે સમય અને નાણાંનો વ્યય થતો અટકશે. જો કે, અત્યાર સુધી દર વર્ષે સરેરાશ ૫૦ હજાર જેટલી ડુપ્લીકેટ માર્કશીટ ઈશ્યુ કરવામાં આવતી હતી. પરંતુ ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટે અરજદારે ગાંધીનગર ખાતે માધ્યમિક શિક્ષણ બોર્ડની ઓફિસે ધક્કા ખાવા પડતા હતા. પરંતુ નવી સીસ્ટમ અમલમાં આવ્યા બાદ ગાંધીનગરના ધક્કામાંથી મુક્તિ મળશે. માર્કશીટ મહત્વપૂર્ણ ડોક્યુમેન્ટ ગણાતુ હોવાથી ક્યારેક તે ખોવાઈ જાય અથવા તો ફાટી કે તૂટી જાય ત્યારે ઘણા લોકોને રાજ્યના દૂરના વિસ્તારોમાંથી ગાંધીનગર આવવું પડે છે. કેટલાક લોકો તો ગુજરાતની બહાર શીફ્ટ થઈ ગયા હોય કે વિદેશ ચાલ્યા ગયા હોય તેમને પણ ક્યારેક આ કામ માટે ગાંધીનગરનો ધક્કો ખાવો પડે છે. લોકોને થતી હાલાકી નિવારવા માટે ગુજરાત બોર્ડ દ્વારા આ તમામ પ્રક્રિયાને ઓનલાઈન તેમજ સરળ કરી દેવા માટે કવાયત શરુ કરી દેવાઈ છે. બોર્ડના આ નિર્ણયનો પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ મોટી રાહત થશે.



જેપી નડ્ડાની ભાજપ પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીએ પણ શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ શુભેચ્છા પાઠવી હતી.

### વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન એપ્લાય પ્રોસેસ સરળ

# ગુજરાત કોમન એન્ટ્રન્સ પરીક્ષા માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ

## ગુજકેટ.જીએસઈબી.ઓઆરજી પર એપ્લાય કરી શકે છે

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૦ની તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી તા.૩૧મી માર્ચે ગુજકેટની પરીક્ષા યોજાશે, ત્યારે આજે તા.૨૧મી જાન્યુઆરીથી તા.૫ મી ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવી શકાશે. વિદ્યાર્થી ગુજકેટ.જીએસઈબી.ઓઆરજી પર જઈને ઓનલાઈન એપ્લાય કરી શકે છે. જો કે, આ વખતે ઓનલાઈન એપ્લાય પ્રોસેસ સરળ કરી દેવાઈ હોઈ વિદ્યાર્થીઓ અને વાલીઓને રાહત થઈ છે. ગુજકેટ-૨૦૨૦ની તમામ માહિતી તથા ઓનલાઈન ફોર્મ ભરવાની તમામ સૂચનાઓ ડબાલ્યુડબાલ્યુડબાલ્યુ. જીએસઈબી.ઓઆરજી વેબસાઈટ પર મૂકવામાં આવી છે. આ પરીક્ષાનું ફોર્મ ડબલ્યુડબલ્યુડબલ્યુ. જીએસઈબી.ઓઆરજી અથવા ગુજકેટ.જીએસઈબી.ઓઆરજી વેબસાઈટ પરથી ભરી શકાશે. સાયન્સના ગ્રુપ એ, ગ્રુપ બી અને ગ્રુપ એબીના વિદ્યાર્થીઓને ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસીમાં પ્રવેશ લેવા માટે ગુજકેટની પરીક્ષા આપવાની હોય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૦માં એપ્લાય કરવા માટે અરજદારને ૩૦૦ રૂપિયા એપ્લિકેશન ફી આપવાની રહેશે. એપ્લિકેશન ફી ઓનલાઈન ભરવાની રહેશે. અરજદાર વેબસાઈટ દ્વારા પરીક્ષા પેટર્ન અને યોગ્યતા વિશે જાણી શકે છે. ગત વર્ષે આ પરીક્ષામાં ૧.૩૫ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજયના ૩૪ કેન્દ્રો પર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(ગુજકેટ) આયોજન કરવામાં આવ્યું હતું.

### પમી સુધી ખુલાસો કરવા માટે હાઈકોર્ટનો નિર્દેશ

# શહેરમાં રખડતા કુતરા કરડવા પ્રશ્ને હાઈકોર્ટમાં પટિશન થઈ

## હાઈકોર્ટની મહ્ત્વપૂર્ણ કેસમાં જરૂરી સૂચના સરકારમાંથી મેળવી અદાલતની સમક્ષ રજૂ કરવા સરકાર પક્ષને તાકીદ

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેર સહિત રાજયમાં રખડતા કુતરાઓ કરડવાનો અને ત્રાસનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. હાઈકોર્ટ સમક્ષ થયેલી પિટિશનમાં રખડતા કૂતરાઓના કારણે શહેરીજનો ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃધ્ધોને જીવનું જોખમ હોવાનું અને દિન પ્રતિદિન કૂતરાઓ કરડવાના કિસ્સા વધી રહ્યા હોવાના મુદ્દા ઉઠાવાયા હતા. પિટિશનમાં નાગરિકોની સુરક્ષા પોલીસની જવાબદારી છે અને તેથી પોલીસ દ્વારા પણ નાગરિકોની સુરક્ષાને લઈ અસરકારક પગલાં લેવાતા નહી હોવાની ફરિયાદ રજૂ કરવામાં આવી હતી. હાઈકોર્ટે આ મહ્ત્વપૂર્ણ કેસમાં સરકારમાંથી જરૂરી સૂચના મેળવી આગામી મુદતે તે અંગેનું સ્પષ્ટીકરણ અદાલત સમક્ષ રજૂ કરવા સરકારપક્ષને હુકમ કર્યો હતો અને કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં મુકરર કરી હતી. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રખડતા કૂતરાઓ નાગરિકોને ખાસ કરીને મહિલા, બાળકો અને બિમાર, અશકત, વૃધ્ધોને કરડવાના કિસ્સા વધી રહ્યા છે. દેશભરમાં રખડતા કૂતરા કરડવાના કારણે હજારો લોકો મોતને ભેટી રહ્યા છે. માત્ર અમદાવાદ શહેરમાં જ નવેમ્બર-૨૦૧૭થી ઓકટોબર-૨૦૧૮ દરમ્યાન માત્ર એક જ વર્ષમાં ૬૦,૨૯૨ જેટલા નાગરિકોને રખડતા કુતરા કરડ્યાં હોવાનું સામે આવ્યું છે. અમદાવાદની જેમ જ રાજયના અન્ય શહેરો અને સ્થળોએ પણ આવા રખડતા કૂતરા પ્રજાજનોને કરડતા હોવાની અસંખ્ય ઘટનાઓ સામે આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કૂતરાઓની સંખ્યા નિયંત્રિત કરવા ખસીકરણનો પ્રોગ્રામ લાખો રૂપિયાના ખર્ચે હાથ ધરાય છે પરંતુ તેમાં કોઈ પરિણામ મળતુ જણાતુ નથી. ઉલટાનું દિન પ્રતિદિન રખડતા કૂતરાઓની સંખ્યા અને તેના કરડવાના કિસ્સાઓ વધતા જાય છે. વળી, કાયદાકીય જોગવાઈ અને બંધારણમાં નિર્દિષ્ટ જોગવાઈ અનુસાર, નાગરિકોના જાન-માલની રક્ષણની જવાબદારી પોલીસ અને સરકારના સત્તાવાળાઓની છે પરંતુ તેઓ તેમની આ ફરજ અને સામાજિક જવાબદારીમાં બિલકુલ નિષ્ફળ અને ઉણા ઉતરી રહ્યા છે. આ સંજોગોમાં હાઈકોર્ટે રાજય સરકાર, પોલીસ સહિતના સત્તાવાળાઓને રખડતા કૂતરાઓના ત્રાસ નિવારવા માટે જરૂરી નિર્દેશો જારી કરવા જોઈએ.

### કાર ચાલકે કાબૂ ગુમાવતા ગમખ્વાર અકસ્માત

# કેશોદ : બાઈક ચાલકને કાર ચાલકે ઉડાવી દેતાં કરૂણ મોત

## વાંદરવડ ગામનો યુવાન પોતાના લગ્નના ફોટાનો ઓર્ડર આપવા માટે કેશોદ જતો હતો : ઘટના સીસીટીવીમાં કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા. ૨૧

કેશોદથી ગડુ વચ્ચે આવતા ડાયવર્ઝન પાસે પાછળથી પૂરપાટ ઝડપે આવતી સ્કોર્પીયો કારના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા ડિવાઈડર ટપી હવામાં ઉડી શાંતિથી બાઈક પર જઈ રહેલા યુવકને કચડી નાંખ્યો હતો. અકસ્માતે એવો વિચિત્ર હતો કે, બેફામ સ્કોર્પીયો હવામાં ઉડીને કારચાલકને કચડી નાંખ્યો હતો, જે જોઈ સૌકોઈ આશ્ચર્યમાં પડી ગયા હતા. બાઈકચાલક યુવકના મોતનો લઈ સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. આ વિચિત્ર અકસ્માતની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. સ્થાનિક પોલીસો પણ બનાવનો લઈ સ્કોર્પીયોચાલક વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અકસ્માત અંગે પ્રાપ્ત માહિતી મુજબ, માળિયાહાટીના તાલુકાના વાંદરવડનો પંકજ દેવાયતભાઈ ભેંદરડા (ઉ.વ. ૨૩) પોતાના બાઈક પર પિતરાઈ બહેન મધુબેન મેરામણભાઈ ભેંદરડા (ઉ. ૨૦) સાથે પોતોના લગ્નના ફોટાનો ઓર્ડર આપવા કેશોદ જતો હતો. તે નેશનલ હાઈવે પર આવેલા ડાયવર્ઝન નજીક પહોંચતા પાછળથી આવતી એક સ્કોર્પીયો કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. આગળ જઈ રહેલી એક કારનો પૂરપાટઝડપે ઓવરટેક કરવા જતાં સ્કોર્પીયો માટીના ઢગલા પર ચડી ગઈ હતી અને ત્યાંથી ચાલકે કાબૂ ગુમાવતાં અનો ફુલસ્પીડમાં હોવાના કારણે સ્કોર્પીયો હવામાં ઉડી બાઈકચાલક પંકજ ભેંદરડાને પળવારમાં જ કચડી નાંખ્યો હતો.

અકસ્માતનો પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. જો કે, સ્કોર્પીયોચાલક બેફામ અનો પૂરપાટઝડપે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક પોલીસો આ બનાવ અંગે સ્કોર્પીયોચાલક વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ : વાહન ટોઈંગ કરવાનું ભારે પડ્યું, પોલીસ કર્મચારી સહિત ચારની ધરપકડ

અમદાવાદ

અમદાવાદ, સુરત, વડોદરા સહિત અન્ય જિલ્લાઓમાં લોકો માટે વાહન ટોઈંગ માથાનો દુઃખાવો બની ગયું છે. ત્યારે અમદાવાદમાં વાહન ટોઈંગ કરવાનું એક પોલીસ કર્મચારીને ભારે પડી ગયું છે.

આરટીઓ સર્કલ પાસે ટોઈંગ વાન દ્વારા એક વાહન ટોઈંગ કરવામાં આવ્યું હતું. જે બાદમાં વાહન ટોઈંગના રૂપિયા ચૂકવવા માટે વાહનચાલક ગયો હતો. આ સમયે પોલીસકર્મી મેમો આપ્યા વગર વાહન છોડવા માટે રાજી થઈ ગયો હતો. આ જ સમયે એન્ટી કરપ્શન બ્યૂરોએ તેને અને અન્ય ત્રણ લોકોને રંગેહાથ પકડી લીધાં હતાં.

આ દરમિયાન વાહન ચાલકે વગર મેમોએ પોલીસકર્મીને રૂપિયા ચુકવવાની વાત કરી હતી. આ માટે પોલીસકર્મી તૈયાર પણ થઈ ગયો હતો. જોકે, પોલીસકર્મીને ખ્યાલ ન હતો કે વાહન ચાલક સાથે એન્ટી કરપ્શન બ્યૂરો પણ હાજર છે. વાહન ટોઈંગની પતાવટ માટે ૩૦૦ રૂપિયા આપવાની વાત થઈ હતી.એટલે કે પોલીસકર્મી ૩૦૦ રૂપિયામાં વાહન છોડવા માટે રાજી થઈ ગયા હતા. જે બાદમાં વાહન ચાલકે રૂપિયા આપતા ચાર કર્મચારી રંગેહાથ લાંચ લેતા ઝડપાયા હતા. મળતી માહિતી પ્રમાણે એન્ટી કરપ્શન બ્યૂરોને માહિતી મળી હતી કે આરટીઓ સર્કલ પર વાહન ચાલકો પાસેથી વગર મેમોએ રૂપિયા લેવામાં આવે છે. આથી એસીબીએ એક ટ્રેપ ગોઠવી હતી.આ માટે એક વાહન ચાલકનું વાહન પકડાયું હતું ત્યારે એન્ટી કરપ્શન બ્યૂરો ત્યાં હાજર હતી. આ સમયે આરોપી પોલીસકર્મી ઉક્કડ વસાવાની સહમતીથી વગર મેમોએ મેહુલ ગોહેલ રૂપિયા લેવા માની ગયો હતો. મેહુલ ગોહેલે અલ્તાફ સંધી અને સલીમ પઠાણને રૂપિયા લેવા માટે કહ્યું હતું. બંને રૂપિયા લઈ રહ્યાં હતાં તયારે એસીબીએ ચારેય લોકોને ઝડપી પાડ્યાં હતા, તેમજ તેમની પાસેથી રકમ કબજે લીધી હતી. નોંધનીય છે કે લોકો પણ ટોઈંગ વાનથી કંટાળી ગયા છે. આ મામલે અવારનવાર ઘર્ષણ થતા નજરે પડે છે.

Printed, Published, Owner by : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI and Printed at TIRUPATI OFFSET, 3, Bachubhai Dudhwala Building, Opp. Swaminarayan College, Shahalam Tolnaka, Ahmedabad-380022 Published From 131/1561, Dhiraj Housing Society, Haripura, Maninagar (East) Ahmedabad-380008 EDITOR : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI